॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૮ જૂન - ૨૦૧૮ રૂા. ૫/૦૦

## સદ્. સ્વામી ભક્તિવલ્લભદાસજી
### ની પુણ્ય સ્મૃતિમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ ઉજવાયો, ભુજ













## ગામ નારણપર ઉ.વા. હાલ લંડનવાસી પ.ભ. ગોવિંદભાઈ રામજી ભુડીયા તથા પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા પરિવારના યજમાન પદે ભુજ પ્રસાદી મંદિરનો આઠમો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો.














## દહીંસરા બહેનોના નૂતન મંદિરનું ખાત મુહૂર્ત તથા સપાદ્ શતાબ્દી મહોત્સવ











॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૮ અંક-૧ જુન-૨૦૧૮
સળંગ અંક-૩૮૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ - ૮ | ૫ |
| ગુરુ મહિમા | ૮ |
| જોબનપગીનું આખ્યાન | ૧૦ |
| એ તો મુલકનો પાદશાહ છે ! | ૧૨ |
| સ્ત્રી સ્વાયતતા હિમાયતી ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૧૪ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૬ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૩૧ |
| બાલ સંદેશ : પિબૈકનો પરાજય | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



પરિવર્તન એ પ્રકૃત્તિનો નિયમ છે. પરંતુ પરિવર્તનજન્ય પ્રવૃત્તમાન પરિસ્થિતિમાં ભારતીય પરંપરાઓ અને સંસ્કારજન્ય સદાચરણનો ધીરે ધીરે ક્ષય થતો જોવા મળે છે, તે રુચિકર નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીના અતિ વ્યાપના કારણે યુવાપેઢી 'સ્માર્ટ' જરૂર બની છે પરંતુ ડીજીટલયુગની જીવનશૈલીના પરિણામે યુવાપેઢી માનસિક રીતે ક્ષુબ્ધ છે, માનવીય સહિષ્ણુતા, સ્નેહભીનાં સંબંધો, સંવેદનશીલ વ્યવહાર જેવી બાબતોથી દૂર થતી જાય છે. પરિણામે અતિવ્યસ્તતાની વચ્ચે પણ જીવનમાં ખાલીપો અનુભવી રહી છે. આ પરિસ્થિતિનું મુખ્ય કારણ છે આધ્યાત્મિકતાનો અભાવ, વિભક્ત કુટુંબો, ધર્મ-ભક્તિ તરફની ઉદાસીનતા, ક્ષણિક ભૌતિક સુવિધાને સુખ સમજી બેસવાની વૃત્તિ, સત્સંગથી વિમુખતા અને પૌરાણિક સમયથી ચાલી આવતી ભારતીય પરંપરાઓની ઉપેક્ષા. પરિણામે સુસંસ્કારોની ખોટ મુખ્ય કારણો છે. આજે માણસ પોતાની જાતથી જ દૂર થતો જાય છે. આવી પરિસ્થિતિથી વડીલ વર્ગ વ્યાકુળ છે. તેઓને યુવાવર્ગની આવી હરકતો રુચિકર નથી. આમાં સુધાર લાવી શકાય ખરો ? ચોક્કસ લાવી શકાય.

પરિવર્તન પ્રકૃત્તિનો નિયમ છે એ રીતે પ્રકૃત્તિનો એક વધુ નિયમ એ પણ છે કે વ્યર્થ બાબતો ચિરકાલીન ટકતી (રહેતી) નથી. સતાતન હિન્દુ ધર્મની પરંપરાઓ, વેદો-પુરાણોમાં દર્શાવેલ સંસ્કારો અને નીતિનિયમો ઋષિમુનિઓના સમયથી હજારો વર્ષોથી સર્વસંમતિથી સર્વમાન્ય છે, જે સાબિત કરે છે કે આ બધી બાબતો જીવનમાં ઉતારવી આવશ્યક છે. આજની યુવાપેઢીને આ બધી બાબતોથી પૂર્ણ રીતે અવગત કરાવવામાં આવે તો પ્રાચીનકાળથી વારસામાં મળેલી બાબતો તરફ જરૂર આકર્ષિત થશે. ફેશનના નામે કે સુધરેલા કહેવડાવવાની ઘેલછા મૂર્ખતા છે તેનું પણ ભાન થશે. આપણા સંપ્રદાયમાં એવા અનેક બ્રહ્મનિષ્ઠ સંતો છે કે જેનું ગુરુપદ સ્વીકારી સત્સંગ અને ભક્તિના માર્ગે જે યુવાવર્ગ ચાલવા લાગ્યો છે તેનું જીવન ધન્ય બની ગયું છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા થતી યુવાપ્રવૃત્તિઓના માધ્યમથી થતી યુવા પ્રવૃત્તિઓ પૈકી યુવા સત્સંગ શિબિરોમાં જોડાઈને હજારો યુવક-યુવતીઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે અને ભારતીય પરંપરાઓના દર્શન થાય છે. યુવાવર્ગ અપેક્ષાઓ અને વાસ્તવિક્તાના ફરકને સમજવા લાગ્યો છે. ભ્રામક ભૌતિક સુખની અપેક્ષામાં રાચતો યુવાવર્ગ સાંપ્રદાયિક સદાચાર અને સુસંસ્કારોથી મળતા વાસ્તવિક સુખને આત્મસાત કરવા લાગ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની આસ્થા, નિષ્ઠા અને સમર્પિતભાવ સાથેની ભક્તિ કરનાર તેમજ સંત સમાગમ કરનાર સદાય સુખિયા રહે છે. જીવનમાં શાંતિ અનુભવે છે.

શ્રીજી મહારાજ હાજરા હજૂર છે, સર્વ હરિભક્તોનાં હૃદયમાં તેમનો વાસ છે. તેમના પ્રત્યેની સંપૂર્ણ નિષ્ઠાપૂર્વકની શ્રધ્ધા આપણા અંહકારને દૂર કરે છે, નિર્માની થતાં પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને ઈશ્વરના અસ્તિત્વનો અહેસાસ થાય છે.

જય શ્રી સ્વામિનારાયણ !

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૮

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ

**ઉદ્ધવ સંપ્રદાયમાં દીક્ષાગુરુ અને જ્ઞાનગુરુ**

- ભગવાન શ્રીસ્વામિનારાયણે બે ગુરુઓની પરંપરા ચલાવી (૧) **દીક્ષાગુરુ** (૨) **જ્ઞાનગુરુ** આ બન્ને ગુરુઓને પંચ સંસ્કાર યુક્ત ભાગવતી વૈષ્ણવી દીક્ષા આપીને વૈદિક જ્ઞાન અને ઉપાસનાની પરંપરા આગળ વધારી. **દીક્ષાગુરુ**ના સ્થાને ગૃહસ્થાચાર્યોમાં બે પીઠની સ્થાપના કરી. (૧) શ્રીનરનારાયણદેવ પીઠસ્થાનમ્, અમદાવાદ (૨) શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનમ્, વડતાલ.
- શ્રીનરનારાયણદેવ પીઠસ્થાનમાં પ્રથમાચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાજી મહારાજ અનો શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનમાં પ્રથમાચાર્ય શ્રીરઘુવીરજી મહારાજનો ગાદી પટ્ટાભિષેક કર્યો.
- **જ્ઞાનગુરુના** સ્થાને પાંચસો-પરમહંસો સ્થાપ્યા. તે સર્વે સંતોને સંપ્રદાયમાં શ્રીહરિએ સ્વનિર્મિત વિવિધ મંદિરોમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. **જેવી રીતે શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં બે ગુરુપરંપરાઓ ચાલી આવે છે એક ગૃહસ્થગુરુ અને બીજા સન્યાસગુરુ** શ્રીવૈષ્ણવ (શ્રીરામાનુજ) સંપ્રદાયમાં શ્રીરામાનુજાચાર્ય દ્વારા શ્રીવૈષ્ણવ સદ્ગૃહસ્થમાં ૭૪ ગૃહસ્થ વૈષ્ણવાચાર્યને સ્થાપિત કરીને ગૃહસ્થાચાર્યની પરંપરા ચલાવી તેમજ પરકાલમઠ, અહોબીલમઠ, તોતાદ્રિમઠ, આંડવનમઠ આદિ મઠોની સ્થાપના કરીને તેમાં વૈષ્ણવ સન્યાસીઓની પણ પરંપરા ચલાવી. આ બન્ને પરંપરાઓ વર્તમાનમાં પણ ચાલી આવે છે. જે ગૃહસ્થાચાર્ય છે તે મુમુક્ષુને પાંચરાત્રાગમવિધિ પ્રમાણે પંચ સંસ્કાર યુક્ત સમાશ્રય કરાવે છે.

**પંચસંસ્કાર -**

**तापः पुन्ड्रस्तथा नाम मन्त्रोयागश्च पञ्चमः ।**
**अमिः हि पञ्चसंस्काराः पारमैकान्त हेतवः ॥**
**( भारद्वाज संहिता पाञ्चरात्रागम )**

- (૧) **તાપ** = બન્ને ભૂજાઓમાં શંખચક્રાંકન તપ્તમુદ્રા આપવી (૨) **પુન્ડ્ર** = તિલક-ચાંદલો કરવો. (૩) **નામ** = સંતનું નવું નામ રાખવું, (૪) **મન્ત્ર** = દીક્ષામાં આપવામાં આવતો ગુરુ મન્ત્ર લેવો. (૫) **યાગ** = ભગવદ્ પૂજા, તથા પરમાત્મારૂપ અગ્નિમાં જીવને હવિરૂપથી સમર્પણ કરવું.
- પંચ સંસ્કાર યુક્ત સમાશ્રય કરાવામાં હોમવિધિ કરવાનો હોય છે. તેમાં અગ્નિનો સ્પર્શ હોવાને કારણે સન્યાસીઓ સમાશ્રય કરાવી ન શકે, કારણ કે સન્યાસીઓને અગ્નિસ્પર્શનો નિષેધ છે. તેથી ગૃહસ્થાચાર્ય વૈષ્ણવ મુમુક્ષુઓને પંચ સંસ્કાર યુક્ત દીક્ષા આપે છે. ત્યારપછી જેને સન્યાસ દીક્ષા દેવી હોય તે સન્યાસી ગુરુ પાસે જઇને સન્યાસ દીક્ષા (કાષાયવસ્ત્ર,ત્રિદંડ આદિ)ને ગ્રહણ કરે. એવી શાસ્ત્રીય પરંપરા છે.
- ઉદ્ધવ સંપ્રદાયમાં મુમુક્ષુઓને સન્યાસ દીક્ષા આપવામાં નથી આવતી. પરંતુ સન્યાસ જેવી જ ભાગવતી દીક્ષાનું શાસ્ત્રોમાં વિધાન છે તે પ્રમાણે આ સંપ્રદાયમાં ભાગવતી દીક્ષા આપવામાં આવે છે.

**स्वोपास्यदेवसम्बन्धाद्दीक्षानामोच्यते यतः ।**
**औद्धवे सम्प्रदाये तद्वासुदेवीति सोच्यते ॥**
(स.४.प्र.अ.४६. श्लो.१२)

- પોતાના ઈષ્ટદેવના સંબંધે કરીને તે દીક્ષાનું નામકરણ થાય છે, તે માટે આ ઉદ્ધવ સંપ્રદાયમાં તે

દીક્ષાનું નામ **''વાસુદેવીય દીક્ષા''** પડેલ છે. બીજાં નામ **'વૈષ્ણવી દીક્ષા, ભાગવતી દીક્ષા'** પણ એજ અર્થમાં પ્રયોજાય છે.

- પરંતુ આ ભાગવતી દીક્ષામાં પંચ સંસ્કાર આપવાનો વિધિ છે. (દીક્ષાવિધિનું વિશેષ જ્ઞાન સત્સંગિજીવન ચતુર્થ પ્ર. અ. ૪૮ થકી જાણી લેવું)
- આ ભાગવતી દીક્ષા આપવા માટે ભગવાન શ્રીહરિએ બે ગૃહસ્થાચાર્યોને સ્થાપિત કરીને બે ગુરુપીઠની પરંપરા ચલાવી. બન્ને ગૃહસ્થાચાર્યો પાસેથી મુમુક્ષુભક્ત પંચ સંસ્કાર યુક્ત દીક્ષા લે છે. આ દીક્ષા સન્યાસદીક્ષા નથી, ભાગવતી, વૈષ્ણવી (સંત) દીક્ષા છે. તેથી ગૃહસ્થાચાર્ય પાસેથી પણ ગ્રહણ કરવાનો નિષેધ નથી. આ પ્રમાણે ગૃહસ્થાચાર્ય દીક્ષાગુરુ કહેવાયા અને સદ્‌ગુરુ સંતો જ્ઞાનનો ઉપદેશ આપે છે તેથી સંતો જ્ઞાનગુરુ કહેવાયા.
- આ પ્રમાણે શ્રીહરિએ દીક્ષાગુરુ અને જ્ઞાનગુરુ, આ બન્ને ગુરુપરંપરાઓ સ્થાપિત કરીને દીક્ષાવિધિ અને જ્ઞાનવિધિની પરંપરા આગળ વધારી. આ પરંપરા આજે પણ સંપ્રદાયમાં વિધિ અને વિશાળ પ્રમાણમાં ચાલી આવે છે. તેથી આ સંપ્રદાયમાં દીક્ષાગુરુ આચાર્ય અને જ્ઞાનગુરુ સંતો પ્રત્યે બધાજ સંતો-ભક્તો પૂજ્યભાવ રાખે છે.

**-: ગુરુઓની નિવાસ વ્યવસ્થા :-**

- શ્રીહરિએ દીક્ષાગુરુ ગૃહસ્થાચાર્યને બે સ્થાનોમાં અમદાવાદ અને વડતાલ મંદિરમાં રહેવાની વ્યવસ્થા કરી. અને જ્ઞાનગુરુ સંતો માટે અમદાવાદ, વડતાલ, ભુજ, ગઢપુર, મૂળી, ધોલેરા, ધોળકા આદિ મંદિરોમાં રહેવાની વ્યવસ્થા કરી.

**-: દીક્ષાગુરુ :-**

- ઉદ્ધવ સંપ્રદાયમાં ભક્તો માટે ભગવાન શ્રીસ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત દીક્ષાગુરુઓની પરંપરામાં શ્રીનરનારાયણદેવ પીઠસ્થાનમાં આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ, શ્રીકેશવપ્રસાદજી મહારાજ, શ્રીપુરુષોત્તમપ્રસાદજી મહારાજ, શ્રીવાસુદેવપ્રસાદજી મહારાજ , શ્રીદેવેન્દ્રપ્રસાદજી મહારાજ, શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા વર્તમાનમાં શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજ વિરાજમાન છે.
- એવીજ રીતે શ્રીલક્ષ્મીનારાયણ પીઠસ્થાનમાં આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, શ્રીભગવદ્ પ્રસાદજી મહારાજ, શ્રીવિહારીલાલજી મહારાજ, શ્રીલક્ષ્મીપ્રસાદજી મહારાજ, શ્રીપતિપ્રસાદજી મહારાજ, શ્રીઆનંદપ્રસાદજી મહારાજ, શ્રીનરેન્દ્રપ્રસાદજી મહારાજ, શ્રીઅજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા વર્તમાનમાં શ્રીરાકેશપ્રસાદજી મહારાજ વિરાજમાન છે.

**-: જ્ઞાનગુરુ :-**

- ભગવાન શ્રીહરિએ મંદિરોનું નિર્માણ કરાવ્યું અને તેમાં પરમહંસ સદ્‌ગુરુ સંતોને પોતાના શિષ્યમંડળ સાથે સદાય રહેવાની આજ્ઞા કરી. અમદાવાદના મંદિરમાં સદ્‌ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી આદિ પોતાના સંતમંડળની સાથે રહીને મુમુક્ષુઓને જ્ઞાનનો ઉપદેશ આપીને દીક્ષાગુરુ પાસે સંતદીક્ષા અપાવતા રહ્યા. એવી રીતે વડતાલ મંદિરમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુ સંતો. જુનાગઢ મંદિરમાં સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી. ગઢપુરના મંદિરમાં સદ્‌ગુરુ શ્રીયોગાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી. ધોલેરા મંદિરમાં સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીત્યાગાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ

સ્વામી આદિ સદ્ગુરુ સંતો રહ્યા. તેઓએ આ મંદિરમાં રહીને મુમુક્ષુઓને જ્ઞાનનો ઉપદેશ આપીને દીક્ષાગુરુ થકી સંતદીક્ષા અપાવતા રહ્યા.

**-: વિદ્યમાન સંતોની પરંપરા :-**

- **અમદાવાદ મંદિર તથા મૂળી મંદિરમાં** વર્તમાનમાં સંતો છે તે સર્વે સંતો સદ્ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામી, શ્રીમહાનુભાવાનંદ સ્વામી, શ્રીપ્રેમાનંદ સ્વામી આદિ સદ્ગુરુ સંતોની શિષ્ય પરંપરામાં આવે છે.
- **ભુજ મંદિરમાં** વિદ્યમાન સર્વે સંતો સદ્ગુરુ શ્રીબ્રહ્માનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં આવે છે.
- **ગઢપુર મંદિરમાં** વર્તમાનમાં રહેલ સર્વે સંતો સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી. સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ શ્રીયોગાનંદ સ્વામી, સદ્ગુરુ શામળીયા ચૈતન્યાનંદ સ્વામી અને સદ્ગુરુ શ્રીસિદ્ધાનંદ સ્વામી. આ પાંચ સદ્ગુરુ સંતોની શિષ્ય પરંપરામાં આવે છે.
- **વડતાલ મંદિરમાં** વિદ્યમાન સર્વે સંતો સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી, સદ્ગુરુ મંજુકેશાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં આવે છે.
- **જુનાગઢ મંદિરમાં** વિદ્યામાન સર્વે સંતો સદ્ગુરુ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં આવે છે.
- આ પ્રમાણે જ્ઞાનગુરુની પરંપરામાં ઉપરોક્ત સદ્ગુરુ સંતો જ્ઞાનગુરુ થયા. આ સદ્ગુરુ સંતો સાક્ષાત્ શ્રીહરિના શિષ્યો હતા. સ્વયં શ્રીહરિ સદ્ગુરુ શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય અને શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્ય છે. આ પ્રમાણે ઉદ્ધવ સંપ્રદાયમાં જ્ઞાનગુરુ સંતોની પરંપરા ચાલી આવે છે.

ક્રમશઃ


## જાહેર આમંત્રણ

### કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ

# ૧૫મી સત્સંગ શિબિર પવિત્ર તીર્થધામ હરિદ્વારમાં

**દરવર્ષે યોજાતી લાભપાંચમ શિબિર આગામી વર્ષે યુવક મંડળની સ્થાપનાને ૧૫ વર્ષ પૂર્ણ થતાં પવિત્ર ગંગાના કિનારે હરિદ્વારમાં યોજાશે. તા. ૨૭/૯/૨૦૧૮ થી ૧/૧૦/૨૦૧૮ સુધી પાંચ દિવસના ભવ્ય આયોજનમાં ભુજ મંદિરના વડીલ અને યુવાન સંતો તથા સાં.યો. બહેનોની હાજરીમાં હજારો દેશ-વિદેશના યુવાનો યુવતીઓ જોડાશે.**

**- યુવક મંડળ કાર્યાલય, ભુજ**

# ગુરુ મહિમા

- મહાદેવભાઈ ધોરિયાણી - રાજકોટ

અત્રે 'ગુરુ'નો અર્થ પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી એવું અર્થઘટન કરવાનું છે. આપણા ધર્મશાસ્ત્રોએ દર્શાવ્યું છે કે ગુરુવર્ય પ.પૂ. આચાર્યશ્રી કરતાં વધુ ગરવા, વંદનીય અને પૂજનીય અન્ય કોઈ નથી. ગુરુનો મહિમા અવર્ણનીય છે. સર્વના હૃદયમાં પરમાત્મારૂપે, પ્રગટ પુરુષોત્તમરૂપે વસેલા, જગતથી અતિ નિર્લેપ, પરહિતના અચલ વ્રતધારી, આ કળિકાળનાં સર્વ પાપોને દૂર કરનાર શ્રીજીના લાડીલા, પરમ પ્રેમાસ્પદ, સારાસાર વિવેકજ્ઞ, વ્યવહારકાર્યદક્ષ એવા ગુરુદેવનો મહિમા ખરેખર અપરંપાર છે.

કળિયુગમાં જેમણે ધર્મનું ધોંસરું ધારણ કરી લીધું છે, જેનું શરણ પાપીનો ઉદ્ધાર કરવાવાળું છે, જે દયાના ભંડાર છે, જે સંસારરૂપી રોગનું મહાન ઔષધ છે. જે મહારાજના પરમ કૃપાપાત્ર છે, તેમને મળેલી શ્રીજીકૃપા પોતાના અધિકારી સેવકજનને, પ્રિય હરિભક્તોને, સંતવૃંદોને, પાર્ષદોને, વિદ્યાર્થીવર્ગને જે વહેંચી આપે છે એવા ગુરુદેવનો જય હો. જ્યારે કૃપાદૃષ્ટિથી આ ગુરુ સેવક પર અમી નજર કરે છે ત્યારે વિષમય આ સંસાર અમૃત જેવો બની જાય છે ! પરમ પવિત્ર ગંગાનાં ઉજ્જવળ તરંગ સમાન ગુરુનાં ચરિત્ર છે, તેમાં જે સ્નાન કરે છે, તેનો જન્મ-મરણનો ફેરો ટળી જાય છે !

'ગુરુ' કોણ ? અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તે ગુરુ. અંધકારમાં પ્રકાશ પ્રગટાવે તે ગુરુ. શિષ્યને સાચું સુખ આપવા જે 'પારસમણિ'ની ભૂમિકા ભજવે તે ગુરુ. પિત્તળ સમા શિષ્યનું ગુરુ સોનામાં પરિવર્તન કરે છે. ગુરુ વિશે આજકાલ વિવાદ પ્રવર્તે છે. આ વિવાદ ગુરુની તેજસ્વિતા અને ઓજસ્વિતામાં રહેલી પૂર્ણિતા-અપૂર્ણતાને કારણે હોઈ શકે છે. મા પોતાના બાળકમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે. "એક સુમાતા સો શિક્ષક બરાબર છે." 'મા' પોતાના 'સ્તર'ની વ્યક્તિને શોધે છે, અને તે છે - 'માસ્તર.' આમ, જીવનમાં માના સ્તર પર જો કોઈ પણ હોય તો છે 'માસ્તર', એટલે કે વિદ્યાગુરુ. (ગુ = અંધકાર, રુ = દૂર કરનાર).

અવિદ્યાનો અંધકાર દૂર કરનાર. જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું, મોક્ષનું મંગલ પ્રવેશદ્વાર જે ચીંધે છે તે સદ્‌ગુરુ છે. માતા-પિતા તો જન્મદાતા છે, પણ જન્મ-મરણના બંધનમાંથી ગુરુ જ મુક્તિ અપાવે છે. આજે પ્રત્યક્ષરૂપે સાક્ષાત્ શ્રીજી મહારાજ વિચરણ કર્યા કરે છે, અને ગામેગામ મૂર્તિપ્રતિષ્ઠાઓ કરે છે. આવા ગુરુવર્યના, આચાર્ય અને સંતોના જીવનથી ભારતમાતા ધન્ય બને છે.

કુદરતી આફતો આવી પડે છે ત્યારે ક્ષુધાપીડિતો માટે અનાજ, ધન અને વસ્ત્રોની ગંગા વહેવા લાગે છે, જેમાં 'દયા' અને 'દાન'નાં તરંગો ઉછળે છે.

કરુણાનિધાન ગુરુદેવની એવી કરામત છે કે, તે ચરણ વિના ચાલે છે ! શ્રવણેન્દ્રિય વિના સાંભળે છે ! આંખ વિના દેખે છે અને મન વિના વિચારનું ચિંતન કરે છે. અર્થાત્ એવી છે ગુરુની આર્ષદૃષ્ટિ, દિવ્યદૃષ્ટિ ! પીડિતોને પોતાના પ્રાણ સમાન માને છે. દરિદ્રોને નારાયણરૂપ જાણી તેમની સેવા કરે છે, વિદ્યાર્થીઓ માટે વિદ્યાદાનથી સુવિધાઓ સહર્ષ કરે છે. સંતોને સંસ્કૃત શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે 'પાઠશાળા'ઓને પ્રાધાન્ય આપે છે.

ગુરુની આજ્ઞા એ લક્ષ્મણ રેખા છે. તેનું કોઈ ઉલ્લંઘન કરશે તો સીતારૂપી સુમતિનું હરણ થઈ જશે. કવિશ્રી દુલા કાગ કહે છે : 'ગુરુકી મહિમા કો કહે, કબહુ ન બરની જાય; નારદ, શારદ મુખ સહસ, કહત કહત સકુચાય.'

ગુરુદેવનો મહિમા અનંત અપાર થછે. કવિ કે પંડિતોને એક જીભથી તેનું પૂરેપૂરું વર્ણન થઈ શકતું નથી. સાક્ષાત્ સરસ્વતી, નારદમુનિ અને શેષનાગ પણ એમનાં ગુણગાન કરતાં કરતાં સંકોચ અનુભવે છે, લજ્જાને પામે છે.

જેમને 'સત્'નો સાક્ષાત્કાર થયો છે એવા

સદ્‌ગુરુને શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉપમા આપી છે. ટૂંકમાં, ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુદેવ મહેશ્વર છે, એવા ગુરુદેવ ખરેખર વંદનીય અને પૂજનીય છે. આધ્યાત્મિક તત્ત્વના રહસ્યો પામવા માટે જીવનમાં ધર્મગુરુનું મહત્ત્વ અનેરું, અનોખું અને અનન્ય છે.

"બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્."

અંતઃકરણને ધોનારો સાબુ એટલે 'સત્સંગ.' મનનો મેલ સત્સંગ દ્વારા ધોવાય છે.

"If the body is ugly, do not mind, but mind should not be ugly." શરીર કદરૂપુ હોય તેનો વાંધો નહિ, પરંતુ મન કદરૂપું ન હોવું જોઈએ.

સંતો તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે. ગુરુનું દ્વાર આધ્યાત્મિક પ્રયોગશાળા છે.

"સદ્‌ગુરુ તમોને ઝંખુ છું, પ્રખર સહરાની તરસથી.."

આપણી આર્ય સંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મ સંસ્કૃતિના સંરક્ષક અને પોષક માનવામાં આવ્યા છે.

ગુરુવર્ય જ્ઞાન ઉપરાંત મોક્ષનો માર્ગ બતાવે છે. આપણને વિશ્વની અનંતતાનું તેમજ સંપ્રદાયના શિષ્ય સાહિત્યનું નિર્માણ કરાવીને જ્ઞાનનું દર્શન કરાવે છે. ગુરુમાત્ર પ્રેરક, અને સદ્‌ગુરુ સત્ પ્રકાશ છે. જેઓ ગુરુને દેહ માને છે, એ સદાય ભટકતો રહે છે. પરંતુ જે ગુરુને ચેતના માને છે એનો પથ પ્રકાશિત બની જાય છે. ગુરુના પાવન બોધને જીવનમાં ઉતારીએ એ જ ગુરુવંદના છે. ભારતની ભાતીગળ સંસ્કૃતિ ગુરુ-શિષ્યના નિર્મળ અને ઉદાત્ત સંબંધોનો જય જયકાર કરતો સંસ્કૃતિ છે. ગુરુ પ્રત્યે અપાર શ્રધ્ધા, પ્રેમ અને સમર્પણની ભાવના તેમજ ઊંચી ભક્તિ હોવી જોઈએ.

કારણ કે ગુરુ સમ કોઈ જ્ઞાની નથી. શિષ્ય સમા કોઈ વાચક નથી. આ કળિકાળમાં રાષ્ટ્રને પ્રકાશવાન, જ્ઞાનવાન અને શક્તિવાન બનાવવા માટે ગુરુ-શિષ્ય પરંપરા પુનરાવૃત્તિની નિતાંત આવશ્યકતા છે. ગુરુ વિના શાશ્વત આનંદની અનુભૂતિ કરવી દુષ્કર છે.

સત્સંગ દ્વારા જ સદ્‌ગુરુની પ્રાપ્તિ શક્ય બને છે, અને આત્મા તથા પરમાત્માના જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. સદ્‌ગુરુ પ્રત્યેની શ્રધ્ધા દ્વારા જ મોક્ષપદની પ્રાપ્તિ તેમજ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમના દ્વારા જ અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે. ગુરુ જ શ્રધ્ધા અને વિશ્વાસની સાક્ષાત્ મૂર્તિ છે. આત્મા જ્યાં સુધી બાહ્ય માયામાં ભટકે છે ત્યાં સુધી નિજરૂપને ઓળખી શકશે નહિં. આત્માનું શબ્દબ્રહ્મની સાથે જોડાઈ જવું એ જ યોગદાન સાધના છે. ગુરુની વાણી આપણી ભારતીય આધ્યાત્મિક ચિંતનધારાનો ગંગા પ્રવાહ છે. શ્રીહરિનો રાજીપો મેળવવા માટેની ગવાયેલી આર્ષવાણી છે. આ વાણીનું શ્રવણ-પઠન કરવાથી મોહ-માયાના બંધન છૂટી જાય છે. અજ્ઞાન અંધારું ટળી જાય છે, અને આત્મસ્વરૂપનું દર્શન થાય છે, તેમજ પરમ આનંદની અલૌકિક અનુભૂતિ થાય છે.

આચાર્ય અને સદ્‌ગુરુઓની સરળ અને સાદી તેમજ લોકભાગ્ય જણાતી વાણીમાં આધ્યાત્મિક જગતનાં અનેક ગૂઢ રહસ્યોને સહજમાં ખોલી આપ્યાં છે અને દેશ-વિદેશમાં વિચરણ કરીને તેમની મરમી વાણીએ 'સ્વ'ની ઓળખ કરાવી આપી છે. શબ્દના અજવાળે આપણા દેહમંદિરમાં દીવો થઈ જાય છે !

દાસી જીવણના શબ્દોમાં કહીએ તો, -

"અંજવાળુ હવે અંજવાળુ,
ગુરુ, તમ આવ્યે રે મારે અંજવાળું,
સદ્‌ગુરુ શબ્દ જ્યારે શ્રવણ સુણાવ્યો,
ભેટ્યા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું,
ગુરુ તમ આવ્યે રે મારે અંજવાળું."

આવું અજવાળું થાય ત્યારે ભ્રમણાઓ છૂટી જાય છે, કારણ કે ગુરુવાણી કે સંતવાણી એ આત્માનો ખોરાક છે. 'સ્વામિનારાયણ' નામનો તારક મંત્ર આપી અવતારીનાં દર્શન કરાવી આપ્યાં છે. આવા પ.પૂ. આચાર્યશ્રી અને સદ્‌ગુરુ સંતોને, આપણા દંડવત્ પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ.

# જોબનપગીનું આખ્યાન

- ધરમશીભાઈ દેવશી ભગત, કેરાલા

વડતાલ ગામ જગતમાં પ્રસિદ્ધ થયું હોય તો તે સ્વામિનારાયણ ભગવાન અને જોબન પગીને લઈને. ઉન્મત્ત ગંગા મહાત્મ્ય નામના ગ્રંથમાં ૧૨૩માં અધ્યાયમાં જોબનપગીના પૂર્વ જન્મની કથા લખેલી છે. પૂર્વે એ એક ક્ષત્રિય હતા. બુધ્ધિશાળી અને શૂરવીર હતા. સંતો પ્રત્યે લાગણીશીલ હતા. તેમને વિદેશ જવાનું મન થયું. વધારે ધન કમાવા માટે વિદેશ ગયા ને નબળા માણસોના યોગમાં આવ્યા ને પૂરેપૂરા દુરાચારી બની ગયા. સન્મતિ ગઈ પછી સંપત્તિ પણ ગઈ. ગરીબાઈ આવી ગઈ. સગાં સંબંધીઓએ ત્યાગ કર્યો. ગામમાં રેવા જેવું ન રહ્યું. જંગલમાં ભટકતા થયા. પોતે કેવા સુખી હતા તે સાંભરી આવતા રડવા લાગતા. એક દિવસ સંતો જંગલમાંથી પસાર થતા હતા તેની નજર આના ઉપર પડી. સંતોના દર્શન થવાથી સદ્‌બુધ્ધિ જાગી. પગે પડ્યા ને ને કરગરવા લાગ્યા મુજ પાપીનો ઉદ્ધાર કરો. સંતોએ કહ્યું, તમે ધીરજ ધરો નિરાશ ન થાવ, તમારું આયુષ્ય જાજું નથી. બીજે જન્મે તમે ભગવાનના યોગમાં આવશો ને તમારો ઉધ્ધાર થશે. બીજા જન્મે તમે ભગવાનને ઓળખજો. અમારા જેવા ઘણા સંતો તેમની પાસે હાજર હશે. તેઓ ગામમાં આવ્યા. ટૂંક સમયમાં બિમાર પડ્યા ને ગુજરી ગયા. બીજે જન્મે સોલંકી કુળમાં જોબનપગી નામે થયાં. જોબનપગીના પૂર્વજ વાઘદેવ(વ્યાઘ્રદેવ) જેના નામ પરથી વાઘેલા કહેવાણા. લડાઈમાં ઘાયલ થયેલાની સેવા કરનારા આમાંના કેટલાક બારૈયા કહેવાણા. મૂળ કથા એવી છે જે ઝવેરચંદ મેઘાણીના પુસ્તક સૌરાષ્ટ્રની રસધારામાં પણ લખેલી છે. સોલંકી કુળના બે ભાઈઓ રાજ અને બીજા ગૌત્ર હત્યાનું પ્રાયશ્ચિત કરવા મારવાડથી સાધુવેશ લઈ દ્વારકા રણછોડરાયનો ગંગાજળથી અભિષેક કરવા કાવડમાં ગંગાજળ ભરી જતા હતા. પાટણના તળાવ કાંઠે ઉતારો કરેલો. પાટણમાં સામંતસિંગ ચાવડાનું રાજ હતું. દરબારનો એક અશ્વપાળ ઘોડીને આ તળાવે પાણી પાવા આવ્યો. ઘોડી ભગવાધારી આ બે બાવાને જોઈ ડરી ગયેલી. પાણી પીતી નહોતી તેથી અશ્વપાળે જોરથી ઘોડીને લાકડી મારી. ઘોડી ગર્ભવતી હતી. તેના પેટમાં વછેરું હતું. લાકડીનો અવાજ સાંભળી બીજ સોલંકી કહે ઘોડીના પેટમાં રહેલા વછેરાની એક આંખ ફૂટી ગઈ છે. બીજ સોલંકી સુરદાસ હતા. પ્રભુની ઈચ્છાથી આંખે અંધ હતા પણ પ્રજ્ઞાચક્ષુ ખૂલી ગયેલા. જેથી અંતચક્ષુથી જોઈ લેતા. સવારે સામંતસિંહને જોઈ આ વાત કહી. રાજાએ આ બંને ભાઈઓને બોલાવ્યા ને પુછ્યું, ઘોડીને વછેરો કાણો જન્મશે તેની ખાતરી શું ? બીજ સોલંકી કહે જો તમે ખરા પડશો તો મારી બેન સોનબાને રાજ સોલંકી સાથે પરણાવીશ. સુરદાસે લગ્ન કરવાની ના પાડી. પછી તો રાહ જ જોવાની હતી. ઘોડી વિયાણી વછેરો કાણો જન્મ્યો એટલે સામંતસિંહે સોનબા (ક્યાંક આ નામ લીલાદેવી તરીકે પણ લખેલું છે) ને રાજ સાથે પરણાવી. સંવત્ ૧૦૪૨માં લીલાદેવીએ મૂળા નક્ષત્રમાં પુત્રને જન્મ આપ્યો તેથી તેનું નામ મૂળરાજ સોલંકી રાખવામાં આવ્યું.

કચ્છમાં કેરાકોટ નામના નગરમાં રજપૂતાણીએ એક બાળકને જન્મ આપ્યો જેનું નામ લાખો ફુલાણી રાખવામાં આવ્યું. લાખાજીના પિતા ફુલેએ પાટણ પર ચઢાઈ કરી પાટણ સર કર્યું. બાપ દીકરાને અણબનાવ થતાં લાખાજીએ આઠ આઠ કોટની રચનાવાળું એક નગર બાંધ્યું. જેનું નામ આટકોટ પડ્યું. રાજ અને બીજ ગંગાજળ લઈ દ્વારકા ગયા. પાછા વળતાં આટકોટમાં ઉતારો કર્યો એ દરમિયાન આ બીજની ખ્યાતિ એક ઘોડાના સ્પેશ્યાલીસ્ટ તરીકે ફેલાઈ. જેમ આંખના ડોક્ટર હોય, હાર્ટના ડોક્ટર હોય તેમ આ ઘોડાના ડોક્ટર તરીકે પ્રખ્યાત થયા. ઘણા

દરબારો પોતાના ઘોડાની તપાસ કરાવતા. લાખાજીનો માનીતો ઘોડો એક પગ ખોડતો નોતો તેની આ બીજ પાસે તપાસ કરાવી. બીજે કહ્યું આ ઘોડાને સ્વપ્નમાં એવું લાગ્યું કે પોતે લડાઈમાં એક પગે ઘાયલ થયો છે. એટલે પગ જમીન પર મૂકતો નથી. આને બીજી કોઈ દવા કરવાની જરૂર નથી. ઢોગ નગારાં વગડાવો મેદાને જંગનો માહોલ ઊભો કરો. બીજા હજારો ઘોડે સવારો ભેગો આને ઊભો રાખો. બીજા ઘોડા જેવા દોડશે તેવો આ પણ દોડવા લાગશે. અને એમ જ થયું. ઘોડો ચાર પગે દોડ્યો. દેવતાઈ પુરુષ જાણી લાખાએ પોતાની બહેન રાંયાજીને રાજ સોલંકી સાથે પરણાવી. અહિ પણ બીજ સોલંકીએ લગ્ન કરવાની ના પાડેલી. આમ રાજસોલંકીને બે પત્નીઓ થઈ. બીજીને પુત્ર જન્મ્યો નામ હતું રાકાઈશ. ઐતિહાસિક કથા ઘણી લાંબી છે પણ આપણે કેમેરો જોબનપગી પર લઈ જવો છે.

અમદાવાદના બાદશાહ મહમંદ બેગડાના હાથીખાનામાં ૩૬૦ હાથી હતા. એક હાથી સફેદ રંગનો હતો. પાવાગઢના રાજા પ્રતાપસિંહ ચૌહાણે લશ્કર મોકલી મહેમદાવાદમાં આવેલ બેગડાના હાથીખાનું તોડી હાથીઓ ભગાવ્યા. બેગડાએ લશ્કર મોકલી હાથીઓ પાછા વાળ્યા. પ્રતાપસિંહને એક સફેદ હાથી જ જોઈતો હતો જે તેને સંતાડી રાખ્યો. સફેદ હાથી ન જોતાં બેગડાએ તપાસ આદરી તે કામ વાઘેલા કુળના હમીરસિંહ વાઘેલાને સોંપ્યું. પગેરું શોધવામાં તે ઉત્સાદ હતાં. ચોક્કસ માહિતી મેળવી બેગડાને કહ્યું, તમારો સફેદ હાથી પાવાગઢમાં સંતાડેલો છે. આથી મહમંદ બેગડાએ રાજી થઈ હમીરસિંહને સવા લાખ રૂપિયાનું ઈનામ આપ્યું. વધારામાં વડતાલ ગામ ભેટ આપ્યું. અને હમિરસિંહને પગીનો ઈલકાબ આપ્યો. આ હમિરસિંહ વાઘેલાની આઠમી પેઢીએ ભાયાભાઈ અને વખતબાના પેટે જોબનપગીનો જન્મ થયો. એક વખત વડતાલ ગામે વામાચારી બાવાની ટોળકી ઉતરી આવી. તેઓ દારું, માંસ ને વ્યભિચારમાં રત હતાં. જોબનપગી આ ટોળીમાં સપડાણા. વામાચારી બાવા તો ગયા પણ જોબનપગીને લૂંટારો બનાવતા ગયા. જોબનપગી ભાલો બંદૂક ને તલવાર કાયમ પાસે જ રાખતા. પોતે એક લૂંટારા તરીકે પ્રખ્યાત થઈ ચૂક્યા. લૂંટારામાં પણ સારા લૂંટારા કહેવાય તેવા કેટલાક સદ્‌ગુણો તેનામાં હતા. તે સાધુ અને બ્રાહ્મણને લૂંટતા નહિં. વહુ દીકરીની આબરું ન લેતા. પોતાના શરણે આવનારને પૈસાની મદદ કરતા. લગ્નની જાન લૂંટતા નહિ, ધરમની બેન કરી હોય તેને પસલી આપતા. ગામ લૂંટીને બ્રાહ્મણોને જમાડતા, ગાયોને ઘાસચારો નખાવતા, મંદિરોમાં પ્રસાદ વિતરણ કરતાં. વેપારીને લૂંટી અનાજ ગરીબોને વહેંચી દેતા. આ નિયમની વિરુધ્ધ જનાર પોતાનો સાથીદાર હોય તો પણ તેને ભડાકે દઈ દેતા. ગાય, બ્રાહ્મણને મારનારને ભડાકે દઈ દેતા. તેના લગ્ન ૧૪ વર્ષની વયે થઈ ગયેલા. તેને પાંચ સંતાનો હતા. સત્સંગી થયા પછી તેની બે દીકરી રળિયાત બા ને સુરજબા સાંખ્યયોગી થયેલાં.

એક વખત જોબનપગી પોતાના સાથીદારો સાથે ખંભાતથી વડતાલ જતા હતા. એ રસ્તે એક લગ્નની જાન જતી હતી. જાનૈયાઓને ખબર પડી કે પાછળ જોબનપગી આવે છે એટલે લૂંટાઈ જશે એ બીકે ગાડા વેગથી દોડાવ્યાં. રસ્તો ખાડા ટેકરાવાળો હતો. એક ગાડામાંથી જીવણદાસ નામનો ડોસો પડી ગયો. ગાડાં નીકળી ગયાં. ડોસો પડ્યો તેનો કોઈએ ખ્યાલ ન કર્યો જોબને આ ડોસાને જોયોને હકીકત જાણી તમારી બીકે અમારા ગાડાં ભાગ્યાં ને હું પડી ગયો. જોબન કહે, કંઈ વાંધો નહિ ચાલો આ ઊંટ પર બેસી જાવ. જોબને ડોસાને ઉહલ ગામે પહોંચાડ્યો. ગામમાં ખબર પડીને જોબન લૂંટારો આવ્યો છે એટલે સૌ ઘરોમાં દરવાજા બંધ કરી સંતાઈ ગયા. જોબને ઊંચે સાદે કહ્યું, હે ગામવાસીઓ હું લૂંટવા નથી આવ્યો. તમારા આ ડોસાની હોમ ડીલીવરી કરવા આવ્યો છું. ક્રમશઃ

# એ તો મુલકનો પાદશાહ છે !

- અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

શ્રીહરિની જ્ઞાનવાર્તા નિરૂપવાની શૈલી અનોખી છે. વાર્તાની શરૂઆત કરીને પછી ક્રમશઃ આગળ વધારવાની રીત એવી અદ્‌ભુત છે કે જે જ્ઞાન બોધ આપવો હોય તે આપો આપ હૈયા સોંસરવો ઉતરી જાય છે.

સંવત્ ૧૮૭૭ના માગશર વદી અમાવસ્યાને દિવસ શ્રીહરિ ગામ લોયા મુકામે સુરા ભક્તના દરબારમાં સભા કરીને વિરાજમાન થયા હતા. હવે ભગવાન પોતાની મેળે જ બોલે છે : ''જુઓને ભગવાનની માયાનું બળ કેવું છે જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે.'' કેમ જે, પ્રથમ સારો જણાતો હોય ને પછી અતિશે ભૂંડો થઈ જાય છે. એટલું કહીને પછી સંતોને કહે છે કે આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ !

નિત્યાનંદ સ્વામી મહારાજના કથનના અનુસંધાને પ્રશ્ન પૂછે છે કે, ''મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે. માટે સૂઝે એવા દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તો પણ સારોને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ તે કેવી રીતે થાય ?''

હવે શ્રીજી મહારાજ પોતાને જે કહેવું હોય તે વાર્તાનો દોર આગળ વધારે છે અને સભાને સમજાવે છે કે (૧) દેહનો અનાદર હોય અર્થાત્ દેહાભિમાન ન હોય, (૨) દૃઢ આત્મનિષ્ઠા હોય, (૩) પંચ વિષય પ્રત્યે વૈરાગ્ય હોય અને (૪) ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય - આ ચારેય વાના જેને હોય એવાને સૂઝે એવું દેશ કાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિં.

કેમ જે દેહાભિમાની હોય અને પંચવિષયનો અતિશે અભાવ ન થયો હોય ત્યારે સંત એ વિષયનું જ્યારે ખંડન કરે ત્યારે એવા મોટેરા સંત પ્રત્યે પણ અભાવ થઈ જાય છે અને પછી ભગવાનનો પણ અભાવ આવે છે. દેહાભિમાની તો સર્પની લાળ સરખો છે. સર્પે લાળ નાખી હોય એવું દૂધ સાકર જેણે પીધું હોય તે જરૂર સંતનો અભાવ લઈને સત્સંગમાંથી પડી જશે. માટે દેહાભિમાનને ટાળવું. બીજું આત્મનિષ્ઠાની સમજણ દૃઢ કરવી અને ત્રીજું પરમેશ્વરનું મહાત્મ્ય જેમ છે તેમ યથાર્થ સમજે. હવે મહાત્મ્ય તે શું ?

તો જે ભગવાનની બીકે કરીને ઈન્દ્ર વરસે છે, સૂર્ય અગ્નિ, ચંદ્રમાં પ્રકાશ કરે છે, પૃથ્વી સર્વને ધારીને રહી છે, સમુદ્ર મર્યાદા નથી લોપતો, ઔષધો ઋતુને પામીને ફળે છે અને જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરે છે અને જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે, અક્ષર છે એવી રીતે જે ભગવાનની મોટપને સમજતો હોય તેને જગતમાં એવું શું પદાર્થ છે તે બંધન કરે ? તે કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, સ્વાદ, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી, તથા જે જે પંચવિષય સંબંધી પદાર્થ તે તેને કોઈ બંધન કરે નહિ, કેમ કે એણે તો સર્વનું પરિમાણ કરી રાખ્યું છે જે ''ભગવાન તે આવા છે ને આવો તે ભગવાનના ભજન સ્મરણ કર્થાવાર્તાને વિષે માલ છે, અને અક્ષર તે આવો છે ને એ અક્ષર સંબંધી સુખ તે આવું છે. અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવુ છે, ને સ્વર્ગનું સુખ તે આવું છે તથા રાજ્યાદિક સુખ તે આવું છે.'' એવી રીતે એ સર્વેના સુખનું અનુમાન કરીને અને ભગવાનના સુખને સર્વથી અધિક માનીને જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો ક્યો પદાર્થ છે તે ભગવાનના ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે. જેમ પારસમણિ હોય તે કોઈક લોઢાને અડીને તેનું સોનું થયું હોય તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ લોઢું થાય નહિ. તેમ એવું જેણે ભગવાનનું મહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનના

ચરણારવિંદથી પડે નહિ તો બીજે પદાર્થે કરીને એ પડે ? ન પડે.

ભગવાનનું આવું યથાર્થ મહાત્મ્ય સમજતો હોય તે એ ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહું મહાત્મ્ય સમજે જે એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે માટે બહુ મોટા છે.

અત્રે ભગવાન શ્રીહરિ ઉધ્ધવજીનું ઉદાહરણ આપે છે. ગયા હતા તો ગોપીઓને જ્ઞાન દેવા પરંતુ ગોપીઓની ભગવાનને વિશે પ્રીતિ એવી અતિશે દૃઢ ભાળી કે પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું. ને ગોપીઓના ચરણની રજને પામવાની ઈચ્છા કરી અને વૃંદાવનમાં વૃક્ષ-વેલીનો અવતાર માંગ્યો.

બ્રહ્માનંદ સ્વામી પણ લાડુદાન ગઢવી હતા ત્યારે શ્રીજી મહારાજના કહેવાથી લક્ષ્મી અને રાધા સ્વરૂપા એવાં લાડુબા તથા જીવુબાને શ્રૃંગાર તથા સંસાર-રસ સંબંધી ઉપદેશ દેવાને અર્થે આવ્યા. ઉપદેશ સાંભળ્યા પછી બંન્ને બાઈઓ બોલ્યા : ''હે લાડુદાના તમે અત્યાર સુધી ઉકરડાં ઉલેચવાની જ વાતો કરી. અનંત જન્મોથી આપણે આ સંસારને વિષે દેહ ધારીને પરમાત્મા મળ્યા છે ત્યારે એમનો આશ્રય કરી મોક્ષની યાચના કાં ન કરીએ ?''

બસ છ ફૂટનો એમનો વિશાળ રૂપાળો દેહ એ દેહ ઉપર ધારણ કરેલાં લથબથ ઘરેણાં અને આભૂષણોનો તત્કાળ શ્રીહરિ સમક્ષ ઢગલો કરીને લાડુદાન બોલ્યા : ''મહારાજ ! મને તમારો કરી લો.''

આવું જેને પરમેશ્વરનું મહાત્મ્ય સમજાણું હોય તે તો આવા સંત કે આવા અકાંતિક હરિભક્તનો દાસાનુદાસ થઈને જ રહે. એવા સંત પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે મારાં મોટાં ભાગ્ય થયાં છે જે આવા સંતનો તિરસ્કાર સહુ છું નહિ તો પ્રારબ્ધવશ થઈને બાયડી છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા જગતમાં જ્યાં ત્યાં તિરસ્કારો સહેવા પડત પરંતુ આ સંતને સંગે રહેવાનું મળ્યું છે તે તો મારું મોટું ભાગ્ય છે.

આવું જેને ભગવાન અને ભગવાનના સંત (અકાંતિક ભક્ત)નું મહાત્મ્યૈ સમજાયું હોય તેને ક્યારેય કશોય એ ભગવાન કે સંતની કોરની અભાવ આવતો નથી.

વાર્તાને અંતે ભગવાન સુંદર ઉદાહરણ આપે છે, ''જેમ મુંબઈનો ગર્વનર સાહેબ ખુરશી નાંખીને બેઠો હોય તે તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરશી ન નાખી દે ને આદર ન કરે ત્યારે કાંઈ એને તે અંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ ગાળ દીધાનું મન થાય છે ? લેશ માત્ર નથી થતું. શા માટે જે એણે (એ ગરીબે) અંગ્રેજની મોટાઈ જાણી છે જે **'એ મુલકનો પાદશાહ છે ને હું કંગાલ છું !'**'' એવું જાણીને ધોખો થાય નહિં.

શ્રીહરિ પરમાત્મા તો અનંત કોટિ બ્રહ્માંડનો અધિપતિ છે અને એવા ભગવાનના સાક્ષાત્ ઉપાસક સંત પણ જેમ કોઈ મુલકનો રાજ હોય એવા મોટા છે કેમ કે જેટલું રાજાનું રાજ્ય હોય તેટલું જ એની રાણીનું પણ હોય.

પરમાત્મા તથા એમના સંતની મોટપ જાણીને એમની આગળ દેહાભિમાન રાખીને એમના ટોકવાથી કે વિષયનું ખંડન કરવાથી એમનો અભાવ લેવો એ જ સત્સંગમાંથી પડવાનું કારણ બની રહે છે.

બસ દેહાભિમાન ટાળીને, આત્મનિષ્ઠા કેળવતા રહીને ભગવાનનું જેમ છે તેવું યથાર્થ માહાત્મ્ય જાણીને એમનો દૃઢ નિશ્ચય તથા આશ્રય રાખીને એ મુલકના પાદશાહની મોટાઈને અંતરમાં જીવંત રાખવાની છે.

એટલું ચોક્કસ છે કે મુલકના પાદશાહની આવી મોટાઈ જાણ્યા પછી આપણા અંતરની કંગાલિયત જરૂર ટળે છે ! એ તો ભગવાનશ્રી સ્વામિનારાયણની અત્યંત મોટાઈ છે કે ગરીબ, કંગાલિયત એવા આપણા જીવને પણ અંતરમાં સુખની શીતળ છાયા પ્રસરાવતા રહે છે.

આઠો પહોર આનંદમાં રહેવાની આ વાત છે.

# સ્ત્રી સ્વાયત્તતાના હિમાયતી ભગવાન શ્રી સ્વામિનારાયણ

- રાધાબેન ર. ગોળવિયા - સુરત

ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠવર્ણીરૂપે ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસનું વન વિચરણ કરીને સૌરાષ્ટ્રના નાના એવા લોજ ગામમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં સ્થિર થયા. ૧૯ વર્ષના યુવાન એવા પૂર્ણ અધ્યાત્મ પુરુષે આશ્રમમાં આવ્યા પછી તરત જ ત્યાં જીવરાજ શેઠના ડેલામાં ભરાતી બાઈઓ અને ભાઈઓની સભા જુદી કરાવી અને નીલકંઠે કહ્યું કે ક્યારેય પણ સ્ત્રી-પુરુષોએ ભેગા બેસીને કથાવાર્તા ન કરવી. દેવ મંદિરોમાં જુદા જુદા દ્વારે પ્રવેશ સ્ત્રી-પુરુષોએ કરવો અને એકબીજાને અડવું નહીં. અને સાધુની દૃષ્ટિ પડે તે રીતે સ્ત્રીઓએ હરવું ફરવું નહીં અને સ્ત્રીઓની જગ્યાએ સાધુઓએ જવું નહીં.

શું આ વાતનો એવો અર્થ લઈ શકાય કે ભગવાન સ્વામિનારાયણે સ્ત્રીજાતિની ઉપેક્ષા કરી તેમને તિરસ્કૃત કરી છે? તો આ પ્રશ્નનો જવાબ સંપૂર્ણ ના છે. કારણ કે તે વખતના કેળવણીકારો સમાજશાસ્ત્રીઓ અને પછીના પણ સાહિત્યવિદોએ તેઓના પુસ્તકો જે મધ્યકાળનો પ્રવાહ કહી શકાય તેમાં આપેલ છે કે જે સમયે દરેક ધર્મો અને ધર્માચાર્યો સ્ત્રીઓને ઉતારી પાડતા. ડરાવતા અને સ્ત્રીઓને ધર્મમાં આત્મસાધના કરવાનો કોઈ હક્ક નથી. સર્વદા સ્ત્રીને ત્યજનીય વર્ણવી નિંદતા અરે શ્રીજીમહારાજના અવતરણ પૂર્વે પણ જ્યારે તુલસીદાસ મહાત્માએ રામાયણ લખી જનતાના લોકોના હાથમાં ધરી ત્યારે પણ તે કાળના-સમયના અનુંસંધાનમાં લખાયું છે કે ઢોર, ઢોલ અને સ્ત્રી એ ત્રણેય માર કહેતા કે તાડન ના અધિકારી છે. તેવા કાળ પછી અને ૨૦૦ વર્ષ પહેલા શ્રીજીમહારાજે સ્ત્રીઓનો દરજ્જો વધારનારો, તેનું પુરુષના જેટલી જ સ્વતંત્રતા આપનારો, વ્યવહાર રાખવાનું સમજાવ્યું છે. અને તે ઉપરાંત સમજાવ્યું છે કે તેમ કરવાથી સ્ત્રી સાધનામાંથી પુરુષને ભ્રષ્ટ નહીં કરે પણ સાધનાનું કાર્ય સરળ બને તેવી સહાયરૂપ થશે.

બાઈઓ ભાઈઓની સભાઓ જુદી કરાવવાનો ઉદ્દેશ એક તો સ્ત્રી પ્રત્યેનો પ્રયત્ન કર્યો છે. બહેનોની સભામાં બહેનો જ ઉપદેશ આપે અને તે માટે વાંચન, મનન શક્ય બને પરોક્ષ રીતે શિક્ષણજ્ઞાન મેળવી અક્ષરજ્ઞાન મેળવી નારી માત્ર રસોડાના કામ કરી એકલી નિર્બળ ન રહે. પુરુષ જેટલું પ્રાધાન્ય અને મહત્વ આડકતરી રીતે આપ્યું છે અને કહેવાય છે કે સ્વામિનારાયણ કાર્યકાળ તો દરમિયાન અને પછી અમદાવાદ, વડોદરા વગેરે મોટા શહેરોમાં કન્યાશાળાઓ શરૂ થઈ ત્યારે પ્રથમ શિક્ષિકાઓ તરીકે સ્વામિનારાયણ સંપ્રદાયની અનુયાયી બહેનો જ હતી અને તે પરિણામ શ્રીજી સ્થાપિત સ્ત્રી-પુરુષ મર્યાદાનું જ હતું.

રાજારામમોહનરાયે સતીપ્રથા બંધ કરાવવા સરકાર દ્વારા ઘણો જ પ્રયત્ન કરેલો પણ તે પહેલાં ભગવાન સ્વામિનારાયણે સ્ત્રી સમાજને તેમજ પુરુષ સમાજને ઉપદેશ આપી સતીપ્રથા બંધ કરાવેલ જ્યારે દહેજના ડરથી નાની બાળકીને જન્મતાં જ દૂધમાં ઊંધી ડૂબાડી (દૂધ પીતી કરવી તેવું કહેતા) મારી નાખતા દરબારોને ઉપદેશ આપી સમજાવ્યું કે સ્ત્રી લક્ષ્મી છે. નારી નારાયણી છે, દેવી છે, શક્તિ છે તેનો ઘાત કરવાથી મનુષ્ય-સુખી થતાં નથી. અને એક બીજા આમ દહેજના ડરથી પોતાની બાળકીને પતાવી દેશે તો ભવિષ્યમાં તે પાપી નિકંદન જશે અને સમાજ વ્યવસ્થા અટકી જશે તેમ સમજાવી બંધીયા ગામથી મળુભાઈ દરબારને ત્યાંથી તે પ્રથા બંધ કરવાનું શ્રીગણેશ શ્રીજીમહારાજે કરાવેલા.

તેમજ તે જમાનામાં પુનર્લગ્નની કલ્પના કરવી પણ અશક્ય હતી ત્યારે પંચાળામાં સભાજનોને જેમાં વિદ્વાન પંડિતો, બ્રાહ્મણો, સમાજના આગેવાનો પટેલો, શેઠો, શાહુકારો અને ગામધણી દરબારો કહેલું કે વિધવા ઇચ્છે તો પુનર્લગ્ન જરૂર કરી શકે છે. પણ જો લગ્ન ન કરવા હોય અને વિષયમાં અરુચિ હોય તે સાંખ્યયોગી થઈ શકે છે. વિધવાને પણ સાંખ્યયોગીની પદવી આપી જેને સૌભાગ્યવતી સ્ત્રી પણ પગે લાગી આશીર્વાદ ઇચ્છે તેવા ઉચ્ચકોટીના સ્થાન ઉપર મૂકી સ્ત્રી-સન્માનની ભાવના ઊંચી લઈ ગયા છે.

વિસ્તૃત સમાજ સ્ત્રી-ધર્મ મર્યાદાથી પડે એટલા માટે સંસારની મોહમાયા છોડી ઓલા ઉચ્ચકોટીના સંત મુક્તાનંદ સ્વામીને સતીગીતા જેમાં સ્ત્રીઓના ધર્મોની વિસ્તૃત છણાવટ

કરવાની આજ્ઞા કરી સતીગીતા નામની નામી પુસ્તિકા જેમાં પાર્વતીજીએ નારદજીની સન્મુખ ગંગા આદી નદીઓ અને ઋષિયત્નીઓને સંબોધન સ્ત્રીઓના ધર્મો કહ્યા છે તે લખાવ્યું. ભગવાન સ્વામિનારાયણે ભાઈઓ બાઈઓની સભા અલગ અલગ તેમજ લોજમાં આશ્રમ અને ગૃહસ્થના ઘરની વચ્ચેની દીવાલ દેવતા અને વસ્તુની આપલે માટે દીવાલમાં પાડેલું કાણું-ગોખલાં તે પુરાવી દીધેલા જે અદ્વિતીય સુધારાઓથી આકર્ષાયેલા અંગ્રેજોએ 'અ ગ્રેટ હિંદુ રિફોર્મર' તરીકે નવાજ્યા છે. અને લખ્યું છે કે નારાયણ સ્વામીને સ્ત્રીઓ પ્રત્યેની ક્યારેય સુગ ન હતી. પણ તેમની સામે વિકારદષ્ટિથી જોવાની પુરુષની ભાવના સાથે સુગ હતી. મહારાજ પોતાના કાર્યકાળ વખતે જેટલી ચિંતા પુરુષના બ્રહ્મચર્ય રક્ષણની હતી તેથી વધારે ચિંતા સ્ત્રીના શીલરક્ષણની હતી અને તેથી તો મહારાજે સંપ્રદાયમાં સત્સંગમાં સ્ત્રી-પુરુષોને એકાસને બેસવાનો નિષેધ કર્યો છે અને તે માત્ર ને માત્ર સ્ત્રીશીલરક્ષા માટે જ કરેલો છે.

પૂર્વે નારદપંચરાત્રમાં સ્ત્રી-પુરુષની સભા નોખી કરવાનું કહેવાયું છે. મુસ્લિમના પવિત્ર ગ્રંથ કુરાનમાં સ્ત્રી-પુરુષની સાથે થતી બંદગીનો નિષેધ ફરમાવ્યા છે. યહુદીઓના શિનેગોગમાં પણ સ્ત્રી-પુરુષો અલગ-અલગ બેસે છે. અમેરિકામાં પ્યુરીટન પંથના ખ્રિસ્તીઓ પણ અગિયારીમાં સ્ત્રીપુરુષો અલગ અલગ બેસે છે. શ્રી સેન્ટપોલે પણ જણાવ્યું છે કે ધાર્મિક સ્થળોએ સ્ત્રી-પુરુષ સ્પર્શ વિવેક બતાવ્યા છે પણ ભગવાન સ્વામિનારાયણે સરળ અને સહેલી રીતે સમજી શકાય તે રીતે ઉપદેશ કર્યો છે.

શ્રીજી મહારાજે પોતાના વચનરૂપ અમૃત એવા વચનામૃત ગ.મ. ૩૫માં જણાવ્યું છે કે ગમે તેવો સમાધિનિષ્ટ હોય અને જો તેને સ્ત્રીનો સંગ રહે ને સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો તેનો ધર્મ કોઈ રીતે ન રહે અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય તેને જો પુરુષનો સહવાસ થાય તો તેને પણ એનો ધર્મ ન રહે. અને છેલ્લે ત્યાં સુધી કહી દીધું છે કે જો પુરુષ સ્ત્રીને પરસ્પર સહવાસ થાય તો તેને તેનો ધર્મ રહે તેવી આશા રાખવી જ નહીં. આ વાર્તા એમ જ છે. પણ એમાં કાંઈ સંશય રાખવો નહીં.

શ્રીજીમહારાજે સ્ત્રીઓને એવી તો આજ્ઞા પળાવી કે સ્ત્રીઓ ઉચ્ચ સ્થિતિને પામી ગઈ હતી. પહેલાં એવું કહેવાતું કે પુત્ર નામના નરકમાંથી પુત્ર જ તારે પુત્રી નહીં એ સમજને શ્રીજી મહારાજે ખોટી પાડી દીધી અને ઉભયકુળ તારનારી નારીઓ સત્સંગમાં સમાજમાં ઊભી કરી દીધી અને આજે છે અને ભવિષ્યમાં પણ હશે. તે વખતે ગઢડાના જીવુબા, લાડુબા, ભુજના લાધીબા, જેતલપુરના ગંગામા, ડાંગરવાના જતનફોઈ, વજીબા અરે સાક્ષાત્ બ્રહ્મચર્યની મૂર્તિસમા રાજબાઈ અને આવી કેટકેટલી સ્ત્રીઓ ભક્તોને પુરુષ ભક્તોની જેમ આજે યાદ કરાય છે.

અરે જેતલપુરમાં રહેલી સમાજથી તિરસ્કૃત એવી વેશ્યા લક્ષ્મીબાઈને પણ તેમના હાથે ઘઉ દળાવી પતિતાનો ઉદ્ધાર કર્યો છે. જે સ્ત્રીને કહેલું કે જો બહેન તારુ અમારા મોટા સંત મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થાશે. આવું વેશ્યા સ્ત્રીને કહેનાર શ્રીજીમહારાજ ક્યારેય સ્ત્રીઓના વિરોધી હોઈ શકે ખરા? એક કોળી જ્ઞાતિની સ્ત્રી લોયાના ઘેલાકોળીની સ્ત્રીએ કોઈની પડી વસ્તુ ધૂળ સમાન માની ન લીધી. આમ નીચી કોમની સ્ત્રીને નૈતિકતાની ટોચ પર પહોંચાડનાર એ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ક્યારેય તિરસ્કૃત કરે ખરા?

પૂર્વે મોટા મોટા મુનિઓને પ્રભુ પાસે માંગતા ન આવડ્યું તેવું સારંગપુરમાં ફૂલદોલોત્સવ પ્રસંગે ફગવા - પ્રસાદરૂપે કેવું કેવું માંગ્યું અને કેવું કેવું ન આપશો. જે ભક્ત ચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખીને બતાવ્યું છે. જે આપણે સત્સંગ સભાઓમાં ઘણી જ વખત ગાઈએ છીએ. શું આ સ્ત્રીઓનું સન્માન નથી? તેમજ વચનામૃત ગ.મ. ૬૨માં ગોપી જેવી ભક્તિ સિદ્ધ કરવાની વાત કરી. શું આ સ્ત્રી જાતિને અધ્યાત્મિક બાબતમાં અપાયેલું મહત્ત્વ નથી? તેમજ વચનામૃત ગ.મ. ૬૨માં ગોપી જેવી ભક્તિ સિદ્ધ કરવાની વાત કરી શું સ્ત્રી જાતિને અધ્યાત્મિક બાબતમાં અપાયેલું મહત્ત્વ નથી? આમ શ્રીજીમહારાજ કાયમ સ્ત્રી સ્વાતંત્રના કાયમ હિતેચ્છુ-હિમાયતી રહ્યા છે. તે વખતે અને આજે સત્સંગમાં સ્ત્રી-હરિભક્તો આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખર ઉપર પહોંચી શક્યા છે. તે શ્રીજી મહારાજે સ્થાપેલી સ્ત્રી-પુરુષ મર્યાદાને આભારી હોય તેવું નથી લાગતું?

પણ હા સ્વતંત્રતાની સ્વચ્છંદતામાં પરિવર્તન થાય પછી સ્ત્રીની કોઈ સુરક્ષા નથી. માટે સ્વધર્મમાં રહી ભગવાનનું ભજન સાથે ગૃહની રાણી થઈ (નોકરાણી નહિં) પોતાનો ગૃહસ્થાશ્રમ દિવ્ય બનાવે. એ અત્યારના સમયની માંગ છે.

# સત્સંગ સમાચાર દેશ

## અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી સ્મૃતિ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ ખાતે તા. ૧૫-૫-૨૦૧૮ થી તા. ૧૯-૫-૨૦૧૮ સુધી અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીની સ્મૃતિ મહોત્સવની સાથે અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી હરિકૃષ્ણદાસજીની પુણ્યસ્મૃતિમાં ઉજવાયો હતો.

આ મહોત્સવ દરમ્યાન નિષ્કુળાનંદમુનિ રચિત ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમના વક્તાપદે ભુજ મંદિરના વિદ્વાન સંતો શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી આનંદવલ્લભદાસજી, શા. સ્વામી કૃષ્ણવિહારી દાસજી તેમજ શા. સ્વામી હરિકૃષ્ણદાસજી વ્યાસાસનારૂઢ રહી સુંદર મધુર શૈલીમાં સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું હતું.

તા. ૧૪-૫ના પ્રસાદી મંદિરેથી ભવ્ય પોથીયાત્રા નીકળી શ્રીનરનારાયણ સભામંડપમાં વિરામ પામી હતી. આ મહોત્સવમાં ધામોધામથી પધારેલા સંતોએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં સ્વામી ભક્તિવલ્લભદાસજી સાથે માણેલી પળોને તાજી કરી તેમની સત્સંગની સેવાને બિરદાવી હતી.

કથા દરમ્યાન વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેવા કે શ્રીનરનારાયણદેવનું પૂજન, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિપટ્ટાભિષેક, ભુજ આગમન મહોત્સવ, ફૂલદોલોત્સવ આવા પ્રસંગોનું વડીલ સંતો તેમજ યજમાનશ્રીઓના સહયોગ સુંદર ઓપ આપવામાં આવેલ હતો.

આ ઉત્સવ પ્રસંગે અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીની સ્મૃતિમાં તેમના શિષ્યો પૂ. સ્વામી દેવજીવનદાસજી, પૂ. સ્વામી શ્રીવલ્લભદાસજી, શા. સ્વામી આનંદવલ્લભદાસજીની પ્રેરણાથી તથા પ.ભ. નારણ ગાંગજી પિંડોરીયા તથા ગોવિંદ ખીમજી પિંડોરીયાના સહયોગથી સંપૂર્ણ સુવિધાયુક્ત ઓનવ્હીલ એમ્બ્યુલન્સ વાહન પૂ.પાદ મહંત સ્વામી, પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. જાદવજી ભગત તથા મુખ્ય કોઠારીશ્રીની ઉપસ્થિતિમાં ભુજ મંદિરને અર્પણ કરવામાં આવ્યું હતું.

આ વાહનનો લાભ સંતો તથા સાં.યો. બહેનો નિઃશુલ્ક દરે લઈ શકશે. ગ્રામ્ય વિસ્તારના હરિભક્તો રાહતદરે આ વાહનનો લાભ લઈ શકશે તે માટે ભુજ મંદિરનો સંપર્ક કરવાનો રહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ ૧૦૦૮ ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે ખાસ હાજરી આપી હરિભક્તોને દર્શનનું સુખ આપ્યું હતું. આ પ્રસંગ દરમ્યાન "મુક્તાનંદ કાવ્ય" નામના શાસ્ત્રનું વિમોચન કરવામાં આવ્યું હતું.

અધિકમાસ હોવાથી દેવોનો અધિક પાટોત્સવ ઉજવાયો હતો. શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તેમજ શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત અભિષેક વિધિવત્ કરવામાં આવ્યો હતો. બહેનોના મંદિરેથી બહેનોએ મસ્તકપર કળશ ધારણ કરીને જળયાત્રાનું આયોજન કર્યું હતું.

કથાના મુખ્ય યજમાનપદે નારણપરના હીરજી વેલજી વાઘજીયાણી તથા રમેશ વેલજી વાઘજીયાણી તથા ભક્તિનગરના માવજીભાઈ હિરાણી રહ્યા હતા. અભિષેકના યજમાનપદે અમૃતલાલ પટેલ મેતપુરવાળા, વિશ્રામભાઈ સેંઘાણી તથા મુરજી મનજી વાઘજીયાણી નારણપરવાળા રહ્યા હતા.

અન્નકૂટની આરતી પૂજ્ય મહંત સ્વામીના વરદ્હસ્તે ઉતારવામાં આવી હતી.

અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના

ગુણોનું વર્ણન તમામ મંડળધારી સંતોએ કર્યું હતું.

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ જણાવેલ કે મને સાધુ થવાની પ્રેરણા પૂ. સ્વામી તરફથી મળી હતી. વિશ્રાંતિ ભુવનના નિર્માણ કાર્યમાં તેમની સાથે રહી સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

પૂ. જાદવજી ભગતે સ્વામીને પોતાના જમણા હાથ માનતા હતા. વ્યવહારમાં ગુરુ તરીકે બિરદાવ્યા. નીડરતા અને ખુમારી નરનારાયણદેવની રાખી અજોડ કાર્ય કરી બતાવ્યું.

પૂ. મહંત સ્વામીએ પોતાના આશીર્વચનમાં સ્વામીની હિંમત અને અજોડ સેવાઓને બિરદાવી હતી. મુંબઈથી તથા દેવવિદેશથી પધારેલા હરિભક્તોએ પણ સ્વામીની સત્સંગની સેવાને બિરદાવેલ.

સ્વામીની સ્મૃતિમાં તેમના શિષ્યોએ નારણપર ની.વા., ઉ.વા., મેઘપર, કેરા, સુરજપર, ઘડાણી, અંબાડા, મુન્દ્રા, આધોઈ તેમજ ભુજમાં બહેનોના મંદિરમાં પ્રસાદીના તકતા, દર્શનાર્થે હરિભક્તોને અર્પણ કર્યા હતા.

આ ઉત્સવમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપ દાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપ દાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી ધર્મજીવન દાસજી, કોઠારી સ્વામી કેશવપ્રિયદાસજી, શા. સ્વામી હરિપ્રસાદદાસજી, આદિ સંતોનો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો હતો. સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી રહ્યા હતા. સભાસંચાલક તરીકે સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજીની સેવા રહી હતી. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો અને યુવતીઓએ તેમજ હરિભક્તો સ્વયંસેવકોએ વિભિન્ન બાબતોમાં પરિશ્રમ પૂર્વક સેવા બજાવીને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

★★★★★★★★★★★★★★★★★

## સરહદી ભેડીયાબેટ હનુમાનજી મંદિરનો શિલાન્યાસ

ઈ.સ. ૧૯૭૧માં ભારત-પાક.ના યુધ્ધ વિરામબાદ ભારતના સૈનિકો રણ માર્ગે પરત ભારત સરહદ તરફ આવતા અચાનક સર્વે સૈનિકોને અવાજ સંભળાયો કે ઓ...વીર સૈનિકો ? મને સાથે લેતા જાઓ. સૈનિકો ચારે તરફ નજર કરે તો દૂર દૂર સુધી સપાટ રણ. કોઈ અજાણ્યો માણસ ન મળે. વળી સૌ ઝડપભેર આગળ વધવા લાગ્યા. કેમ કે એ રણનો પ્રદેશ (ભાગ) પાડોશી દેશ (પાકનો) હતો. ફરી વાર ગેબી અવાજ (મને સાથે લેતા જાઓ) સંભળાયો. પણ કઈ દિશામાંથી અવાજ આવે છે એ નક્કી કરી શકાતું નહોતું. ત્રીજી વાર અવાજ આવ્યો ત્યાં અખાતી મહારણ વચ્ચે હનુમાનજીનું નાનકડું દેરું(મંદિર) દેખાયું. સૈનિકો ત્યાં ગયા. હનુમાનજીને જોયા. સૈનિકોએ તરત જ હનુમાનજીની મૂર્તિને લઈ આપણી ભારતની સરહદ તરફ ઝડપથી આગળ વધવા લાગ્યા. ત્યાં રણમાં રાત પડી અને જવાનોને થાક પણ લાગેલો હતો. જેથી ભારતની સરહદ આવી સર્વે સૈનિકો રાત્રિ રોકાણ રણમાં જ કરેલું. તે વખતે હનુમાનજીને પણ ત્યાંજ બાજુમાં પધરાવી સૌ જવાનોએ આરામ કર્યો. સવાર થતાં હનુમાનજીની સાથે વતન તરફ લાવવા જ્યાં હનુમાનજીને ઉપાડવા જાય ત્યાં હનુમાનજી ઉઠ્યા જ નહિ. સર્વે સૈનિકોને આશ્ચર્ય થયું. સ્થાયી થયા.

ત્યારથી હનુમાનજી દેશની સીમા(સરહદ) અને સૈન્યોનું રખોપું કરે છે. આજ દિવસ સુધી સરહદ પરથી કોઈ શત્રુઓએ સૈનિકોનો વાળ વાંકો કરી શક્યા નથી. અને આજે (૪૭) વર્ષોથી દેશના જવાનો હનુમાનજીની સેવા પૂજા કરતા આવે છે. આ મંદિરની બીજી વિશેષતા એ છે. સીમા ઉપર લડાઈમાં શહીદ થયેલ જવાનોની યાદીમાં ઘંટડી ટાંગે છે. આજે હજારો ઘંટડીઓથી મંદિર ગાજે છે. અને કોઈની મનોકામના પૂરી થયાની યાદમાં પણ ઘંટડી લગાવે છે.

બે વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી અને ભુજ મંદિરના મહંત

સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો સરહદ અને રણની મુલાકાતે ગયેલાં. તે વખતે મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો શુભ સંકલ્પ કરેલ. તે સંકલ્પ તા. ૬-૫-૨૦૧૮, રવિવારના ભેડીયાબેટ સરહદી હનુમાનજીના મંદિરનો શિલાન્યાસ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ ૭૦ સંતો અને દાનવીર દાતાશ્રીઓ જવાનોના સાંનિધ્યમાં વિધિ સંપન્ન થયો. પ્રાસંગિક પ્રવચનો ઉદ્દ્બોધનો, આશીર્વચનો અપાયાં હતાં. સનાતન હિન્દુ ધર્મના મંદિરોનાં નિર્માણમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનું વિશેષ યોગદાન રહ્યું છે. અહીં પણ રૂા. ૨/- બે કરોડનાં ખર્ચે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા મંદિર નવ નિર્માણનું કાર્ય સંપન્ન થવા જઈ રહ્યું છે.

- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, ભુજ

★★★★★★★★★★★★★★★★★★

## પ્રસાદી મંદિરે પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોથી પાવન થયેલ પ્રસાદી મંદિરે ગામ સુખપરના પ.ભ. રામબાઈ હરજી ધનજી વરસાણી પરિવારના યજમાનપદે ભક્તિચિંતામણી અંતર્ગત શ્રીહરિ વનવિચરણ શાંતિપાઠની પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન સંપન્ન થયું. વૈશાખ વદ ૬, રવિવાર તા. ૬ના પ્રારંભ થયેલા આ પારાયણના વક્તા આપણા સંતો પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી તથા પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ મધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

આ અવસરે પ.ભ. ધનજીભાઈ સામજી વરસાણીની પુણ્યસ્મૃતિમાં વચનામૃત શાસ્ત્રની ૧ સંહિતા પારાયણ પણ કરેલી. આ ધનજી બાપા પોતાના જીવનના ૫૦ વર્ષ સુધી ભુજ મંદિરની વાડીએ રહીને ઠાકોરજી માટે ફૂલ વાવવા, સંભાળવા દરરોજ ઉતારવા વગેરે સેવા કરેલી. આવા હરિભક્તની સેવાઓને આ અવસરે યાદ કરેલી.

સેવા, સમર્પણ, સત્સંગ અને દેવ નિષ્ઠાવાળા આ પરિવારમાંથી ૩ સંતો અને ૪ સાંખ્યયોગી બહેનો થયા છે. તેઓ ખૂબ ભજન ભક્તિ સાથે ઠાકોરજી અને સત્સંગની સેવા કરી રહ્યા છે. યજમાન વરસાણી પરિવારના સત્સંગનો ભાવ અને લાગણીથી દરરોજ, કથાભિલાષી ઘણા ભક્તો કથાશ્રવણનો લાભ લેવા માટે આવતા. તા. ૧૦ના છેલ્લા દિવસે યજમાન પરિવારમાંથી બહુ જ મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતાં. તથા આ કથામાંથી જીવનમાં ધર્મ-નિયમ સત્સંગ દઢતાની ટેક લીધેલી.

સમાપ્તિ અવસરે વડીલ સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજીએ ધનજીબાપાની સેવાને યાદ કરી સત્સંગ ધર્મનિયમની નિષ્ઠા દઢ રહે તેવા આશીર્વાદ પાઠવેલા તથા સ.ગુ. પુરાણી સ્વામી હરિબળદાસજીએ યજમાનોની સેવાને યાદ કરી રાજીપાના પ્રતીક તરીકે પહેરામણી આપેલી. તેમજ આ પરિવાર પણ પોતાના સગાં સંબંધીઓને યાદ કરીને પહેરામણી કરેલી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિય દાસજીએ સંભાળ્યું હતું. ઉત્તર પૂજન અને આરતી સાથે આ ઉત્સવ પૂર્ણ થયો.

- સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## પ્રસાદી મંદિરે પંચાહ્ન પારાયણ

તીર્થધામ ભુજમાં આપણા પ્રસાદી મંદિરે સત્સંગ કથાવાર્તા સાથે પારાયણનો પુનિત પ્રવાહ સતત ચાલુ છે. અનેક હરિભક્તો તેનો લાભ લઈ રહ્યા છે. ગામ સુખપરના અ.નિ. પ.ભ. પ્રેમબાઈ રામજી વાઘજીયાણી, સુપુત્ર ભરત ધ.પ. કાન્તાબેન મનજી તથા દીકરી પુષ્પાબેન હરિશ પાધરા આ પરિવાર સાથે મળીને પંચાહ્ન પારાયણનું આયોજન કરેલું. આ પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી સર્વમંગલદાસજી, સ્વામી રાઘવમુનિદાસજીએ વ્યાસાસને વિરાજી મુક્તાનંદ સ્વામી વિરચિત "ધર્માખ્યાન" શાસ્ત્રની કથા શ્રવણ કરાવી હતી.

કથા પારાયણના સમાપ્તિના દિવસે તા. ૩૦ના સવારે પૂજય મહંત સ્વામીએ પોતાના વરદ્હસ્તે આ યજમાન પરિવારને પહેરામણી કરી તથા સર્વત્ર સુખને શાંતિ

થાય તેવા આશીર્વાદ પાઠવ્યા. સ.ગુ. મુકુંદજીવનદાસજીએ પણ આશીર્વાદના પ્રતીકરૂપે સર્વેને પહેરામણી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

- પુરાણી સ્વામી સર્વમંગલદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## પ્રસાદી મંદિરે બિરાજતા શ્રીઠાકોરજીનો ૮મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રીજી મહારાજના પાવન ચરણોથી અંકિત થયેલી શ્રીજી મહારાજનું પ્રત્યક્ષ સ્વરૂપ દયાળુ શ્રી નરનારાયણદેવ જ્યાં બિરાજેલા તથા અનેક મહાન સત્સંગી તથા સંતોની સાધના સ્થળ એવા ભુજના પ્રસાદિ મંદિરે બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૮મો વાર્ષિક પાટોત્સવ તથા પુરુષોત્તમપ્રકાશ શાસ્ત્રની પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ભવ્યરીતે ઉજવાઈ ગયો. આ મહોત્સવનો શુભ પ્રારંભ વૈશાદ વદ ૧, મંગળવાર તા. ૧-૫-૧૮ થી વૈશાખ વદ ૫, શનિવાર તા. ૫-૫-૧૮ સુધી કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવના ઉપલક્ષ્યમાં તા.૩૦ અમાસના ઠાકોરજીના સાંનિધ્યમાં ત્રિકૃત હરિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે યજમાનો અને ભૂદેવો પધારી તેની શુભ શરૂઆત કરેલી. સવારે ૯ વાગે પૂજ્ય મહંત સ્વામી પધારીને શ્રીફળ હોમી યજ્ઞની સમાપ્તિ કરેલી.

તા. ૧-૫-૧૮ના સવારે ૮ વાગે શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં પૂજન કરી પોથીયાત્રાની શરૂઆત કરેલી. પોથીયાત્રામાં યજમાનો સાથે વડીલ સંતો, સંહિતાપાઠી સંતો સાથે વક્તાશ્રીઓ સાથે અનેક સંતો ભક્તો જોડાઈ શરણાઈના સૂર પોથીયાત્રા સભામંડમાં પહોંચી હતી. ત્યારબાદ વક્તાશ્રીઓનું, સંહિતાપાઠી સંતોનું પૂજન કરવામાં આવ્યું. પૂજ્ય મહંત સ્વામી તથા પ્રસાદિ મંદિરના મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા વડીલ સંતો યજમાનો સાથે મળી દીપપ્રાગટ્ય કરી કથાની શુભ શરૂઆત કરવામાં આવી. આ પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી શુકમુનિદાસજી રહી સંગીતના સૂરાવલિઓ સાથે કથામૃતપાન કરાવ્યું હતું.

તા. ૨-૫-૧૮ના રોજ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે યજમાનો વહેલી સવારે મંગળા આરતી બાદ મહાપૂજામાં જોડાયા હતા.

તા. ૩-૫-૧૮ના રોજ ભુજ બહેનોના મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈના સાંનિધ્યમાં બહેનોની વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશ-વિદેશથી પધારેલા બહેનોએ આ અમૂલ્ય સભાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, અભિષેક, ફૂલડોલોત્સવ આદિ ઉત્સવોની ઉજવણી ખૂબ ધામધૂમતી કરવામાં આવી હતી.

કથા અંતર્ગત વ્યાખ્યાન માળા તેમજ ભુજ મંદિર, માંડવી, અંજાર, ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતો પધારી આશીર્વચન પાઠવ્યા હતા.

તા. ૩-૫-૧૮ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું હતું. પૂજ્ય મહંત સ્વામી દ્વારા આચાર્ય મહારાજશ્રીનું પુષ્પમાળાથી સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યારબાદ પ્રસાદિ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી તથા સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્હસ્તે પારાયણના મુખ્ય યજમાન ગામ નારણપર ઉ.વા. હાલે લંડનનિવાસી પ.ભ. ગોવિંદભાઈ રામજી ભુડીયા તથા પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા સહપરિવારને પહેરામણી અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સભાજનોને પ્રાપ્ત થયા હતા.

તા. ૫-૫-૧૮ના રોજ શ્રી ઠાકોરજીનો અભિષેક કરી પ.પૂ. મહંત સ્વામીએ અન્નકૂટની આરતી ઉતારી હતી. બહોળી સંખ્યામાં હરિભક્તો પધારી શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેકના દર્શનનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ

કથા સત્રની શરૂઆત કરવામાં આવી. આમ પારાયણના પાંચેય દિવસ પધારેલા સર્વે હરિભક્તો માટે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

આ ઉત્સવ દરમ્યાન પ્રસાદિ મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, કોઠારી સંતો, વડિલ સંતોના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન પાર પાડવામાં આવ્યું હતું. તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ યુવતી મંડળનો સહયોગ રહ્યો હતો.

- શા. સ્વામી લક્ષ્મપ્રકાશદાસજી, પ્રસાદિ મંદિર-ભુજ

★★★★★★★★★★★★★★★★★★

## નૂતન સંકુલ ઉદ્‌ઘાટન સમારોહ : ગાંધીધામ ગુરુકુલ

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગાંધીધામ માટે તા. ૨૮-૪-૧૮ અને તા. ૨૯-૪-૧૮ બે દિવસ ખાસ યાદગાર આનંદદાયક અવસરનાં બની રહ્યા. જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા નિર્દોષ અને નિખાલસતાથી ભરપૂર બાલ્યાવસ્થા છે અને બાલ્યાવસ્થાથી તરુણાવસ્થા સુધી પહોંચતાં પહોંચતાં વિદ્યાર્થી જીવનના થયેલા સહપાઠી મિત્રો જીવનભર ભૂલી શકાતા નથી. જીવનની ઘટમાળમાં ગૃહસ્થાશ્રમમાં ગૂંચવાઈ ગયા બાદ વર્ષોથી વિખૂટા પડી ગયેલા ગુરુકુળના મિત્રો સાથેના મિલનથી મળતા આનંદની અનુભૂતિ શબ્દોમાં વર્ણવી શકાય નહીં. આવા અદ્‌ભુત આનંદનો અજોડ અવસર 'પૂર્વ વિદ્યાર્થીઓનું સત્સંગ સ્નેહ મિલન' ઉત્સાહ અને ઉમંગભેર સંતો, ગુરુજન, વાલીઓ, ટ્રસ્ટીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓના સાંનિધ્યમાં બે દિવસ ધામધૂમથી ભવ્ય રીતે ઉજવાઈ ગયો. શિક્ષણનો વ્યાપ વધતો ગયો તેમ તેમ અભ્યાસક્રમોને અનુલક્ષીને અનુરૂપ શૈક્ષણિક ઉપકરણોની આવશ્યકતા પણ અનિવાર્ય બની ગઈ છે. તેથી આનુસંગિક સુવિધાના ભાગરૂપે નવનિર્મિત અદ્યતન કોમ્પ્યુટર લેબ, નૂતન વર્ગખંડ અને ઓફિસ-કાર્યાલયના સંકુલના ઉદ્‌ઘાટન પ્રસંગને પણ આ કાર્યક્રમમાં સમાવી લેવામાં આવેલ અને ગુરુકુળના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સુવિધામાં વધારો કરવામાં આવ્યો.

તા. ૨૮-૪-૧૮ના બપોરે સંતો અને વિશિષ્ટ મહાનુભાવોની પાવન ઉપસ્થિતિમાં સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા પ્રથમ સત્રનો મંગલ પ્રારંભ થયો. દીપ પ્રાગટ્યમાં ગુરુકુળના પ્રમુખ સ્વામી મુક્તાવલ્લભદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, યજમાનો આદિ જોડાયા હતા.

વ્યાસાસને વિરાજમાન થઈ વિદ્વાન વક્તા પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથારસનું પાન કરાવતાં વર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ અને યુવાધનને પ્રેરક ઘણી મહત્ત્વની બાબતોને મનનીય રીતે રજૂ કરી હતી.

પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કરતાં લેઉઆ પટેલ સમાજના અગ્રણી સમાજસેવકશ્રી અરજણભાઈ રામજીભાઈ પિંડોરીયાએ વિદ્યાર્થી જીવનનો આનંદ વર્ણવતાં ગુરુકુળમાં અભ્યાસકાળ દરમ્યાનનાં સ્મરણો તાજા કરી વિદ્યાર્થીઓને પ્રેરક શીખ આપી હતી અને સુવિધાસભર ગુરુકુળના શિક્ષણ અને સંસ્કાર સિંચનના કાર્યનું મહત્ત્વ દર્શાવી તેમાં સહભાગી થનાર દાતાઓને બિરદાવ્યા હતા.

સ.ગુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ ગુરુકુળની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં યુવાધનને નીતિ, સદાચાર, સત્ય અને સત્સંગ બાબતના પ્રેરક પ્રસંગો વર્ણવી પ્રભાવિત કર્યા હતા. જીવનના કપરા સમયમાં પણ ધર્મ અને શ્રીજી મહારાજને સાથે રાખવાથી મુશ્કેલીઓનો અવશ્ય અંત આવે છે એ બાબત પર ધ્યાન આપી ધર્મને માર્ગે ચાલવાની ભલામણ કરી હતી.

તા. ૨૯-૪-૨૦૧૮ના સવારના સત્રનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય સંત મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા થયો હતો. દીપ પ્રાગટ્યમાં મહંત સ્વામી સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજીભગત, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી

મુક્તવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતો, દાતાઓ અને ટ્રસ્ટીઓ જોડાયા હતા.

દીપ પ્રાગટ્ય બાદ વિદ્વાન વક્તા સ્વામી ભક્તવત્સલદાસજીએ કથાનું રસપાન કરાવેલ.

ગુરુકુળમાં નવનિર્મિત સંકુલોના ઉદ્‌ઘાટન પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, મહાનુભાવો, ટ્રસ્ટીઓ, સંતો પધાર્યા હતા. સદૈવ વંદનીય મહંત સ્વામીના વરદ્‌હસ્તે કાર્યાલય-૧, કાર્યાલય-૨, કોમ્પ્યુટર, લેબોરેટરી અને વર્ગખંડોના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. મહંત સ્વામી સાથે વડીલ સંતો અને દાતાશ્રીઓ જોડાયા હતા. કાર્યાલય-૧ના દાતા પ.ભ. રામજીભાઈ કાનજી હીરાણી - ભારાસર હાલ મસ્કત, કાર્યાલય-૨ના દાતા ખીમજીભાઈ શિવજીભાઈ ભુડીયા - માંડવી-કેન્યા, કોમ્પ્યુટર લેબના દાતા પ.ભ. રવિભાઈ પ્રેમજી રાઘવાણી - બળદીયા-સીસલ્સ, વર્ગખંડના દાતા પ.ભ. વીરજીભાઈ મેઘજીભાઈ પિંડોરીયા - માંડવી-કેન્યા ઉદ્‌ઘાટન વિધિમાં જોડાયા હતા. જ્યારે તપોનિષ્ઠ સાં.યો. દિવ્યાબેન તથા સાં.યો. અમૃતબેન ગુરુ સાં.યો. નાના મેઘબાઈ(માંડવી) દ્વારા વોટરકુલરની ભેટ ગુરુકુલને આપવામાં આવી હતી.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના માનનીય પ્રમુખશ્રી બાબુભાઈ ભીમાભાઈ હુંબલે ગુરુકુલની પ્રવૃત્તિઓ અને શિક્ષણની વાત કરતાં પ્રસન્નતા વ્યક્ત કરતાં શિક્ષણ સાથે ઉત્તમ સંસ્કારો સાથે જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપતા આવા ગુરુકુળોની પ્રાપ્તિ થાય એને સદ્‌ભાગ્ય જણાવ્યું હતું. તેમજ ગુરુકુળ પ્રતિ વિદ્યાર્થીઓ-વાલીઓ અને સમાજની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરવાની અપીલ કરી હતી.

કોઠારી પાર્ષદ જાદવજી ભગતે દાતાઓના યોગદાનથી શિક્ષણ અને સંસ્કાર સિંચનના કાર્યને ગતિ પ્રાપ્ત થાય છે તેવું જણાવી સંતો, શિક્ષકો, ટ્રસ્ટીઓ અને દાતાઓને બિરદાવ્યા હતા.

પ્રાતઃસ્મરણીય સ.ગુ.પુ. મહંત સ્વામીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સત્સંગ સ્નેહમિલનને વિદ્યાર્થીઓ માટેનો અને ગુરુકુળ માટેનો અનેરો અવસર જણાવી આવા પ્રસંગોના આયોજન બદલ ધન્યવાદ પાઠવી સૌ દાતાઓને બિરદાવ્યા હતા. શિક્ષણ માટે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તમામ પ્રકારના સહયોગ માટે સદાય તત્પર હોય છે તેવું જણાવી શૈક્ષણિક બાબતો અને ઉત્તમ સંસ્કારોનાં સિંચનના કાર્યને મોટી અને આવશ્યક સમાજસેવા ગણાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બપોરના સત્રમાં કથાના વક્તા શા. સ્વામી સુખદેવસ્વરૂપદાસજીએ યુવાધનને કેન્દ્રમાં રાખીને રામાયણ, ભાગવત, સત્સંગીજીવન આદિ સત્‌શાસ્ત્રોનાં દૃષ્ટાંતો ટાંકીને માતા-પિતા પ્રત્યે સંતાનોની ફરજો અને ઋણની બાબતો હૃદયસ્પર્શી રીતે વર્ણવી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરી હતી.

ત્રણેય સત્રમાં કથાને સચોટ અને અસરકારક બનાવવા સંગીતકાર સંતો સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજીએ સંગીતની સૂરાવલિ રેલાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ ગુરુકુળની શૈક્ષણિક પ્રગતિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ પ્રસ્તુત કરી સૌને ગુરુકુળથી અવગત કરાવ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન દાતાઓ, હરિસેવકો, પદાધિકારીઓ અને મહાનુભાવોનું પહેરામણી સહિત હારારોપણથી યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ કચ્છના એસ.પી. આદરણીયા ભાવનાબેન પટેલ તથા ગાંધીધામ નગરપાલિકાના આદરણીયા ગીતાબેન ગણાત્રાનું સાં.યો. બહેનોના વિભાગમાં સન્માન કરાયું હતું.

'માતા-પિતાનું ભાવપૂજન'નો એક અદ્‌ભુત અને અનેરો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ભાવપૂર્વક સમૂહપૂજન કરી માતાપિતાને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું. ઉત્તમ સંસ્કારોના ઉત્તમ ઉદાહરણ સમા આ કાર્યક્રમે સૌના હૃદય જીતી લીધા હતા.

ત્રણેય સત્રના સભાસંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી રહ્યા હતા. જ્યારે સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી મહાપુરુષદાસજીના સૂઝસભર માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ તથા સ્થાનિક હરિભક્તોએ ઉત્સાહપૂર્વક જહેમત ઉઠાવી હતી.

- સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## દહિંસરા મહોત્સવ

દહિંસરા મંદિરમાં વચલા ખંડમાં દર્શન આપતા શ્રી સહજાનંદ સ્વામીને ૧૨૫ સપાદ શતાબ્દી મહોત્સવ એવં બહેનોના મંદિરનો શિલાન્યાસની ઉજવણી દબદબાભેર કરવામાં આવી.

તા. ૨૬-૪-૧૮ થી તા. ૩-૫-૨૦૧૮ સુધી ત્રણ દિવસ, મંદિરના પટાંગણમાં મહાવિષ્ણુયાગ દેશ-વિદેશમાં રહેતા હરિભક્તોના યજમાનપદે અગ્નિ દેવતાઓને જવ, તલ અને ઘીની આહુતિઓ ભૂદેવોના મુખે વેદોક્ત મંત્રોચ્ચાર સાથે આપવામાં આવી. યજ્ઞ સમાપ્તિમાં સંતો યજમાનોના વરદ્‌હસ્તે શ્રીફળ હોમવામાં આવ્યું. યજ્ઞની જવાબદારી પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીએ સંભાળી હતી. સંતોએ યજમાનોને આશીર્વાદ આપ્યા હતા.

બપોરપછી ચાર વાગ્યે સવાસો (૧૨૫) પોથીઓ પૂજન આરતીબાદ વાજતે-ગાજતે યજમાનોએ પોતાના શિરે પોથીઓ ધારણ કરી સ્વામિનારાયણ મંદિરેથી શ્રીસહજાનંદ સભામંડપમાં પધરાવી હતી.

તા. ૨૯-૪-૧૮ના પ્રભાતમાં કથાનો મંગલ પ્રારંભ દેશ-વિદેશથી પધારેલા દાતાઓના અને સંતોના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્યથી સંગીતના સથવારે શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની પંચાહ્ન પારાયણનો પ્રારંભ થયો હતો. કથા અંતર્ગત ભગવાનનો પ્રાગટ્યોત્સવ, ગાદી અભિષેક, પુષ્પ દોલોત્સવ, કચ્છ આગમન મહોત્સવ વગેરે પ્રસંગો ઉજવાયા.. તેમાં સેવાભાવી સંતો સ્વામી માધવપ્રિયદાસજી, સ્વામી દેવપ્રસાદદાસજી, સ્વામી નીલકંઠદાસજી, સ્વામી વર્ણીવિહારીદાસજી આદિ સંતોએ સેવા આપી હતી.

પારાયણના વક્તા સ્વામી શ્રીરંગદાસજી, શા. સ્વામી સુખનંદનદાસજી, પુ. સ્વામી ઘનશ્યામનંદન દાસજીએ સુંદર શૈલીમાં કથામૃતપાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી સંતદાસજીએ સૂર પુરાવ્યો હતો. સભાસંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું.

મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ્‌હસ્તે ''ઐતિહાસિક દહિંસરા'' બૂક અને ઉત્સવની સી.ડી.નું વિમોચન કરવામાં આવ્યું હતું.

તા. ૨-૫-૨૦૧૮ના બહેનોના નૂતન મંદિરનો શિલાન્યાસ ભુજના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા મંદિરના ગોર ભૂદેવોના મુખે મંત્રોચ્ચાર સાથે યજમાનો ખીમાણી પરિવાર તથા જેસાણી પરિવાર તેમજ ગાંગજીયાણી પરિવાર આદિ દાનવીર દાતાઓના સહયોગથી ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. મંદિર નિર્માણ માટે ભુજના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં ઉત્સવ અંતર્ગત ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા વાજિંત્રોના ધ્વનિઓ સાથે નીકળી હતી. હરિભક્તો દ્વારા મંદિર બાંધકામની ખૂબ જ મોટી સેવા થઈ હતી.

રાત્રીના કાર્યક્રમો બાળ યુવક મંડળના સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન-ડાયરો વગેરે ગાયોના ઘાસચાર નિભાવ માટે રાખ્યા હતા. મહારાસોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ.પૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે ઉત્સવામાં પધારી સભાજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજથી મહંત સ્વામી, પ્રસાદી મંદિર, માંડવી, અંજાર, ગુરુકુલોમાંથી સંતો પધારી આશીર્વચન પાઠવ્યા હતા. દાનવીર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉત્સવ સમાપ્તિ દિને સવારના શ્રીઠાકોરજીનો પંચામૃતથી અભિષેક સંતોના વરદ્‌હસ્તે મંત્રોચ્ચારથી કરવામાં આવ્યો હતો. શ્રી સહજાનંદ સ્વામીને

૧૨૫ વર્ષ પૂર્ણ થયાં તે મૂર્તિનું ભવ્ય રાજોપચારથી બપોરપછીના સત્રમાં પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાઆરતી કરવામાં આવી હતી.

આ ઉત્સવમાં ગામના યુવાનો, યુવતીઓ, વડીલો, બહેનોએ ખૂબ જ સેવા આપી હતી. તેમજ શેરડી રસ તથા તરબૂચનો પ્રસાદ સતત ચાલુ રાખવામાં આવ્યો હતો. આ સમગ્ર ઉત્સવની જવાબદારી મંદિર કમિટી તથા ઉત્સવ સમિતીએ સંભાળી પ્રસંગ દીપાવ્યો હતો.

- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, ભુજ

★★★★★★★★★★★★★★★★★★

## રવાપર ખાતે પૂ. નરવીર કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

આજથી ૨૫૦ વર્ષ પહેલાં સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતન ધર્મનો ઓજશ લુપ્ત થવા લાગ્યો હતો. આધ્યાત્મિક રીતે અંધકાર યુગમાં સપડાયેલા સમાજને જેઓ પ્રકાશ તરફ દોરી ગયા અને સનાતન ધર્મના રક્ષણ માટે અનેક પડકારોનો સામનો કરી સમાજને સનાતન ધર્મનાં માર્ગે વાળવા જીવનભર ઝઝુમ્યા અને સમાજ માટે એક નવી કેડી કંડારી એવા પૂ. નરવીર કેશરા પરમેશ્વરાની ૨૫૦મી જન્મ જયંતી શ્રી.અ.ભા.ક.ક.પા. સત્સંગ સમાજ આયોજિત શ્રી નરવીર કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે તા. ૧૪.૦૪.૨૦૧૮ થી ૧૮.૦૪.૨૦૧૮ રવાપર કચ્છ મુકામે ઉજવાઈ ગયો.

મહોત્સવનો તા. ૧૨.૦૪.૨૦૧૮ના રોજ વિજય ધ્વજરોપણ તથા પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીના આશીર્વાદથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

મહોત્સવ અંતર્ગત તા. ૧૪.૦૪.૨૦૧૮ના વહેલી સવારથી ડ્રેસકોડમાં ૨૫૦ બાઈકો સાથે ૫૦૦ યુવાનો હાથમાં ભગવા ધ્વજ મસાલ સાથેની રેલી પૂ. કેશરા પરમેશ્વરાના જન્મ સ્થળ નેત્રા ગામેથી સંતો, સમાજના આગેવાનો શરૂઆત કરાવી હતી. જેનું ખીરસરા તથા નાગવીર ગામના ગામ જનોએ ઢોલ નગારા તથા ગોતીડાથી મસાલ રેલીનું પૂજન કરવામાં આવ્યું હતું. આ રેલી બરાબર ૯.૩૦ કલાકે રવાપર ગામે પહોંચતા દાતાશ્રીઓ તથા સમગ્ર સત્સંગ સમાજ રેલીનું સામૈયું કરવા ઉમટી પડ્યો હતો. ભુજ, જેતલપુર તથા ગાંધીનગરથી પધારેલ સંતો સાથે બેન્ડ પાર્ટી દ્વારા આ રેલી સભા સ્થળે પહોંચી હતી. આનંદની વાત એ હતી કે આ રેલીને નિહાળવા તથા યુવાનોને પ્રોત્સાહિત કરવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સવારના ૧૦.૧૫ કલાકે સમાજના પ્રમુખશ્રી ધરમશીભાઈ પૂ. નરવીર કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવના પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલા, સમાજના મહામંત્રીશ્રી હરિભાઈ ભગત, મહોત્સવના મહામંત્રી પુરુષોત્તમભાઈ વાસાણી,પૂર્વ પ્રમુખ નારણભાઈ સાંખલા પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ પોકારની સાથ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી પરુષોત્તમપ્રકાશદાસજી, સ્વામી હરિકેશવદાસજીએ દીપપ્રાગટ્ય કરી પુ. નરવીર કેશરા પરમેશ્વરા શાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવનો મંગળ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આજના પ્રસંગે સત્સંગ સમાજના પ્રમુખશ્રી દ્વારા શબ્દ પુષ્પથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ જેમની રહી હતી એવા ગાંધીનગરથી પધારેલ પુ. સ્વામી હરિકેશવદાસજી તથા સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી શ્રીહરિદાસજીએ પ્રાસંગિક પ્રવચનની સાથે રૂડા આશીર્વાદની સાથે કેશરા પરમેશ્વરાના કાર્યોની સરાહના કરી તેમાંથી પ્રેરણા લેવાની શીખ આપી હતી.

સત્સંગ સમાજના પૂર્વ પ્રમુખશ્રી ખીમજી ભાઈ પોકારે પ્રસંગની પ્રસ્તાવના રજૂ કરતાં જણાવેલ કે આજે મુઠ્ઠીભર જૂના ધર્મના લોકોને સનાતન ધર્મના માર્ગે વાળી નથી શકતા તો આજથી ૨૫૦ વર્ષ પહેલાં સમગ્ર સમાજ એક છત્ર નીચે જૂના ધર્મ સાથે જોડાયેલો હતો સમાજ કહે એ જ કાયદો એવા સમયમાં કેશરાબાપાએ અનેક પડકારોનો સામનો કરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત બની સનાતન ધર્મનો દીપક પ્રજ્વલિત કર્યો, એટલે આજે આપણે

તેમનો સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવી રહ્યાં છીએ.

બપોરના સત્રમાં સ્વામી દેવસ્વરૂપદાસજી જયપુર વાળાએ પૂ. નરવીર કેશરાબાપાના જીવન આધારિત પ્રસંગો લઈને દૃષ્ટાંતો દ્વારા સુંદર પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાર બાદ સંતો સમાજના મહાનુભાવોના હસ્તે પૂ. નરવીર કેશરા પરમેશ્વરાની દસ્તાવેજી ચલચિત્રની સી.ડી. તથા કેસરા પરમેશ્વરાના જીવન ચરિત્રની પુસ્તિકા તથા સમાજમાં સત્સંગનાં પગલાં પુસ્તિકા તેમના દાતાશ્રીઓ તથા સમાજના આગેવાનો તથા સંતો દ્વારા વિમોચન કરવામાં આવ્યં હતું. ત્યારબાદ ભુજ મંદિરના વિદ્વાન સંત સ્વામી દેવચરણદાસજીએ પ્રેઝેન્ટેશન દ્વારા 'સમાજમાં સત્સંગ' આ વિષય દ્વારા ખૂબ સરસ બોધ આપ્યો હતો. આજના યુગમાં સમાજમાં તથા સત્સંગનો સમન્વય સાધી યુવાનોને લેપટોપ દ્વારા સૌને સરળતાથી સમજાઈ જાય તેવી શીખ આપી બધાને મંત્ર મુગ્ધ કર્યા હતાં. રાત્રે ૮.૩૦ કલાકે શરૂ થયેલો સાંસ્કૃતિક કાર્યક્રમ મોડી રાત્રીના ૧૨.૩૦ કલાક સુધી ચાલ્યો હતો. જેમાં પૂ.કેશરા પરમેશ્વરાના જીવન વૃત્તાંત દર્શાવતી દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

**તા. ૧૫.૦૪.૨૦૧૮ - મહિલા મંચ**

મહિલા મંચનું આયોજન સવારના ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. આખા આયોજનનું સંચાલન મહિલા મંચના કન્વીનર પ્રીતિબેન સાંખલા નડિયાદ તથા ચેતનાબેન સાંખલા અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્ટેજ પર ભુજથી પધારેલ ભુજ સ્વામિનારાયણ મંદિરના મંહત પૂ. સાંખ્યયોગી શામબાઈ ફઈ તથા તેમના શિષ્ય મંડળ તથા સાતે ગામના વડીલ સાંખ્યયોગી બહેનો તથા તેમનું શિષ્ય મંડળ તથા અ. ભા. ક. ક. પાટીદાર મહિલા સંઘના પ્રમુખના સંચાલિકા બહેનો દ્વારા દીપપ્રાગટ્ય કરી મહિલામંચનો મંગળ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને મંચસ્થ સાંખ્યયોગી બહેનો તથા મંચસ્થ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નડિયાદ ગામની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. તથા સ્વાગત પ્રવચન સરસ્વતીબહેન સાંખલા અમદાવાદે કર્યું હતું. સાતે ગામના પુ. સાંખ્યયોગી બહેનો દ્વારા વ્યાખ્યાનો અપાયાં હતાં.

સત્સંગ સમાજની ડબલ ગ્રેજ્યુએટ દીકરીઓને પૂ. સાંખ્યયોગી શામબાઈ ફઈ તથા મહિલા સંઘના પ્રમુખ હસ્તે ખેસ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તથા દીકરી વધામણા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૮.૦૪.૨૦૧૭ થી તા. ૧૪.૦૪.૨૦૧૮ દરમ્યાન જન્મેલી દીકરીઓને સત્સંગ સમાજ દ્વારા બોન્ડ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ કેન્દ્રીય સમાજની મહિલા સંઘના પ્રમુખ શ્રીમતી જશોદા બહેન તથા મહામંત્રી શ્રીમતી રમીલા બહેને પૂ. નરવીર કેશરા પરમેશ્વરાના ધર્મ તથા સમાજ સુધારણા માટે તેમણે કરેલા અથાગ પ્રયત્નોને બિરદાવી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. એકંદરે મહિલા મંચ સામાજિક તથા ધાર્મિક આધ્યાત્મિકતાના સમન્વય રૂપે દર્શન કરાવ્યા હતા.

મહિલા મંચની સાથે સાથે સવારના ૯.૧૫ કલાકે બ્લડ ડોનેશન કેમ્પના યજમાન તથા સમાજના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સત્સંગ ભવનના હોલમાં બ્લડ ડોનેશન કેમ્પનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સમાજના યુવાનો અને મહિલાઓ દ્વારા બ્લડ ડોનેશન માટે લાઈનો લાગી હતી. પૂ. નરવીર કેશરા પરમેશ્વરાના જન્મને ૨૫૦ વર્ષ થયા તે નિમિત્તે ૨૫૦ આંબા કલમ કેસર કેરીના રોપા લાવવામાં આવ્યા હતા. તે પૈકી ૫ રોપા પ્રતિક રૂપે સમાજ વાડીમાં રોપવામાં આવ્યાં હતાં. વૃક્ષારોપણના યજમાનો તથા સમાજના મહાનુભાવોની હાજરીમાં રોપાની પૂજા કરીને કેશર કેરીના રોપાનું રોપણ કરવામાં આવ્યું હતું.

નરવીર કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવની શોભા વધારવા માટે નરનારાયણ દેવ પીઠાધિપતિ ૧૦૦૮ધ.ધુ. પ.પૂ. આચાર્યશ્રી કૌશેલન્દ્રપ્રસાદજી મહારાજ સાંજે ૪.૦૦ કલાકે મહોત્સવ સ્થળે પધાર્યા હતા. સર્વ સભાજનોએ ઊભા થઈ તેમના આગમનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. પૂ. આચાર્ય મહારાજની સાથે ભુજમંદિરથી તથા જેતલપુર ધામથી અનેક સંતો મહંતો પધાર્યા હતા. મહોત્સવના પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલાએ શબ્દ પુષ્પોથી સ્વાગત કર્યું હતું. સંતોના આશીર્વચનો બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીએ સમાજને ઉપદેશામૃત રૂપે તથા રમૂજ સાથે લાક્ષણિક શૈલીમાં આશીર્વાદની સાથે કેશરા પરમેશ્વરાને યાદ કરી તેમના કાર્યની નોંધ લીધી હતી. જેતલપુરથી પધારેલ પુ. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. સ્વામી જયકૃષ્ણદાસજીએ જૂના ધર્મ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિશે પ્રકાશ પાડ્યો હતો. ભુજ મંદિર થી પધારેલ પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય યજમાન, ઉપયજમાન, વિમાનયાત્રાના યજમાન, તથા અન્નદાતા મંડપના યજમાન, ભોજનના યજમાન અને જેમણે વિશિષ્ટ આર્થિક સેવા કરી હતી તેવા તમામ યજમાનનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કૌલેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે પહેરામણી કરવામાં આવી હતી.

રાત્રે યુવાનો અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૬.૦૪.૨૦૧૮ પૂ. નરવીર કેશરા પરમેશ્વરા સાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત સામાજિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧.૧૫ કલાકે ભારત સરકારના કૃષિ અને પર્યાવરણ મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા તેમની સાથે સાથે કચ્છ સાંસદ શ્રી વિનુભાઈ ચાવડા, કચ્છ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશુભાઈ વાસાણી જીલ્લા પંચાયત પ્રમુખ કૌશલ્યાબહેન માધાપરિયા, નખત્રાણા તાલુકા પ્રમુખ શ્રી ભરતભાઈ સોમજીયાણી, તથા ગુજરાત રાજ્ય કિશાન મોરચાના કોશાધ્યક્ષ શ્રી દેવજીભાઈ લીંબાણી પધારતાં સમગ્ર સભાજનોએ તાળીઓથી આવકાર્યા હતાં. તેમનું શબ્દ પુષ્પોથી સ્વાગત મહોત્સવના પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલાએ કર્યું હતું. શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાનું સન્માન ચાંદીના શ્રીકૃષ્ણ અર્જુન સાથેના રથથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યુ હતું કે પૂ. કેશરા પરમેશ્વરાનું મૂળ નામ કેશરા મુખી પણ પાટીદાર સમાજમાં કેશરા મુખીને કેશરા પરમેશ્વરાનું બીરૂદ મળ્યું તે જાણી અતી આનંદ થયો. કેશરા પરમેશ્વરાએ ચીંધેલા સેવાના કાર્યો પર ચાલી આપણે તેમને શ્રદ્ધાંજલી આપવાની છે. બપોર પછીના સત્રમાં ઉત્તમચરણદાસજી સ્વામીએ સત્સંગ તથા મા-બાપની સેવા વિષે અનેક ઉદાહરણો આપી સભાને જ્ઞાનરસથી તરબોળ કરી દીધી હતી. આ પ્રસંગે દેવચરણદાસજી સ્વામી, કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી, અક્ષરપ્રિયદાસજી સ્વામી, કેશવજીવનદાસજી સ્વામી, બાલકૃષ્ણદાસજી સ્વામીએ, પૂ. કેશરાબાપાના મહિમાની સાથે આ મહોત્સવના આયોજકોને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

વડીલ વંદનાના કાર્યક્રમ અંતર્ગત ૩૦૦ વડીલોનું તેમના પુત્ર અને પુત્રવધૂ દ્વારા પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તે સમયે પુ. વિશ્વવલ્લભદાસજી સ્વામીએ પોતાની હૃદય સ્પર્શી વાણીથી મા-બાપને ભૂલશો નહીં તે વિષય પર વ્યાખ્યાન આપતાં સમગ્ર સભા ભાવવિભોર બની હતી. ત્રિદિવસીય મહોત્સવમાં સમાજના વિવિધ ક્ષેત્રે આગળ આવેલ દીકરા-દીકરીઓને પ્રતીકભેટ દ્વારા સન્માનવામાં આવ્યા હતા. સમગ્ર મહોત્સવમાં સ્થાનિક તેમજ વિદેશથી પધારી ઉત્સાહપૂર્વક તથા ઉત્સવ દરમ્યાન કરેલ સેવા બદલ સૌનો આભાર માનવામાં આવ્યો હતો. બે દિવસ સમૂહ લગ્નનો પ્રસંગ ધામધૂમથી ઉજવાયો હતો.

- શાંતિલાલભાઈ ચવાણ, દહાણુરોડ
- નરસિંહભાઈ સાંખલા

★★★★★★★★★★★★★★★★★★

## પ્રસાદી મંદિરે પંચાહ્ન પારાયણ

પવિત્ર અધિકમાસમાં પ્રસાદી મંદિર, ભુજના પાવન પટાંગણમાં પવિત્ર શાસ્ત્રોની પારાયણની પાવન જ્ઞાનગંગાનો પુનીત પ્રવાહ વિપુલ પ્રમાણમાં પ્રવાહિત થઈ રહ્યો છે. તા. ૨૧-૫-૧૮ થી તા. ૨૫-૫-૧૮ સુધી વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદમુનિ વિરચિત "ભક્તિનિધી" શાસ્ત્રની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પારાયણના વક્તા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી, પુરાણી સ્વામી આનંદમુનિદાસજી તથા પુરાણી સ્વામી સર્વમંગલદાસજી વ્યાસાસને બિરાજી મધુર

શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. આ સાથે ૩ સંહિતા પારાયણનું પણ આયોજન થયું હતું.

ગામ સુખપરના અ.નિ. પ.ભ. જેઠાભાઈ માવજી રૂપાલીયા ધ.પ. અ.નિ. રાધાબાઈ જેઠા રૂપાલીયા તથા અ.નિ. શિવજીભાઈ જેઠા રૂપાલીયાની પુણ્યસ્મૃતિમાં તેમના ધ.પ. ગં.સ્વ. મંજુલાબાઈ શીવજી રૂપાલીયા તથા તેમના સુપુત્રો ઈશ્વરભાઈ શિવજી ધ.પ. દક્ષાબેન, પૌત્ર દિપ તેમજ સુપુત્ર નીતીનભાઈ શિવજી ધ.પ. અમૃતબેન, પૌત્ર અંશ આદિ રૂપાલિયા પરિવાર સાથે મળીને આ આયોજન કરેલું હતું.

આ યજમાન રૂપાલીયા પરિવાર સત્સંગની ખૂબ નિષ્ઠાવાળો પરિવાર છે. તેમજ દેવજીભાઈ કરસન ગોરસીયા આ આયોજનના સંકલન કર્તા હતા. ગામના કથા અભિલાસી અનેક ભક્તો મોટી સંખ્યામાં પધારી આ પ્રસંગને શોભાવ્યો હતો.

પારાયણના ચોથા દિવસે અ.નિ. જેઠાબાપાની મંદિરમાં અને મંદિરવાડીમાં તથા ઠાકોરજી તથા સંતો સત્સંગીની સેવાને યાદ કરેલી. તથા સુપુત્ર અ.નિ. શિવજીભાઈની સત્સંગની નિષ્ઠા અને ઠાકોરજીને સેવાને યાદ કરીને સ.ગુ. સ્વામી હરિબળદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. દેવજીબાપાને ગુરુ મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજીની આજ્ઞામાં રહીને આ મંદિરના વિસ્તાર અને વિકાસમાં જે સેવા કરેલી ને જે અનુભવ થયેલા તેની સભા સમક્ષ વાત કરેલી. તે જ દિવસે યજમાન રૂપાલીયા પરિવારને પ્રસન્નતાના પ્રતિકરૂપ પહેરામણી કરવામાં આવી હતી.

સમાપ્તિના દિવસે તા. ૨૫ના આ યજમાન પરિવારે મોટા મંદિરે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ૧૩ મંડળ ભરેલા. યજ્ઞનો લાભ લઈ સૌ પ્રસાદિ મંદિરે જ્ઞાનયજ્ઞમાં પધાર્યા. સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીએ અંતરના આશીર્વાદ પાઠવતાં કહ્યું કે પિતાશ્રી અને દાદાબાપા જેવી સત્સંગ ધર્મની નિષ્ઠા તથા સત્સંગની દૃઢતા રાખવાની ભલામણ કરેલી. ઠાકોરજી એવું બળ આપે એવા આશીર્વાદ પાઠવ્યા હતા. દેવજીબાપાએ આભારવિધિ કરેલ તથા સંહિતાપાઠી સંતો સાથે વ્યાસપૂજનમાં સમાપ્તિની આરતી કરી કાર્યક્રમને સમાપ્ત કરેલો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મવિહારીદાસજીએ કર્યું હતું.

– પુરાણી સ્વામી આનંદમુનિદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## રાપર ગુરુકુળમાં ઉજવાયો શ્રીઘનશ્યામ બાળ મંચ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી ઘનશ્યામ બાળ મંડળ દ્વારા દર વર્ષે ઉનાળું વેકેશન દરમ્યાન શ્રીઘનશ્યામ બાળ મંચનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૨-૧૩/૫/૨૦૧૮, શનિ-રવિ એમ બે દિવસીય બાળમંચ રાપર ગુરુકુળ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વાગડ પ્રાંતનાં ૪૭ ગામમાંથી ૫૧૩ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તા. ૧૨/૫, શનિવારે સવારે ૭:૦૦ વાગ્યાથી જ ગામડે-ગામડેથી ગાડીઓ ભરાઈ-ભરાઈને બાળકો આવવા લાગ્યા. જોત-જોતામાં તો ગુરુકુળનું વિશાળ પરિષર નાના નાના બાળકોની કિલકારીઓથી ગુંજવા લાગ્યું. બધા બાળકોને રહેવા માટે રૂમની ફાળવણી કરી બરાબર ૯:૦૦ વાગ્યે પ્રાર્થના મંદિરમાં સમૂહ પ્રાર્થના અને વડિલ સંતોના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાપર ગુરુકુળના સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ માંગલિક ઉદ્‌બોધન કરી પધારેલા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કરતા શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ બાળકોને સૌ સંતોનો પરિચય કરાવ્યા બાદ પુરાણી સ્વામી વિવેકમુનિદાસજીએ પ્રેઝન્ટેશનના માધ્યમથી આદર્શ બાળક બનવા શું કરવું જોઈએ તેના વિશે સમજ આપી હતી. ત્યારબાદ પુરાણી સ્વામી કપિલમુનિદાસજીએ હાસ્યસભર જોક્સ કહીને બાળકોને ખૂબ હસાવ્યા હતા.

નાની રીશેષબાદ હોંશિયાર કોણ ? એ કાર્યક્રમમાં નાના બાળકોએ ભજન, પ્રવચન, જોક્સ, વાર્તા, નૃત્ય,

અભિનય કરી પોતામાં રહેલી આવડતને સૌ સમક્ષ પ્રદર્શિત કરી હતી. ત્યારબાદ બાળ મંડળના સચાલક શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજીએ ઉપમન્યુની વાત કહીને બાળકોને સમજાવ્યું હતું કે જીવનમાં એક સાચા માર્ગદર્શક ગુરુનું કેટલું મહત્ત્વ છે. બપોરનો સમય થતાં પુરાણી સ્વામી રામાનુજદાસજીએ માનસીપૂજા કરાવી હતી. ત્યારબાદ સૌ બાળકોએ ભોજનાલયમાં જઈને ભોજન પ્રસાદ લીધો હતો.

ઉનાળાના ધોમ ધખતા તાપમાં રાપર ગુરુકુળના વિશાળ સ્વિમિંગપુલમાં બધા જ બાળકોએ એકી સાથે નાહીને શિતળતાનો અનુભવ કર્યો હતો. બાળકો કહેતા હતા કે આ સ્વિમિંગપૂલમાં નાહ્વાની અમને બહુ જ મઝા આવી હતી.

બપોરે થોડીવાર વિશ્રામ કરી પાછા બરાબર ૩:૩૦ વાગ્યે બાળકો પ્રાર્થના મંદિરમાં આવ્યા હતા. ત્યાં માનસીપૂજા કર્યા પછી ઠંડી મીઠી શક્કરટેટીનો પ્રસાદ જમીને૧૦૦ માર્કની લેખિત સત્સંગ પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ ચાર ટીમ કરી પ્રોઝેક્ટર ઉપર હું કોણ છું ? ગેમ રમાડીને સૌને મઝા કરાવી હતી. તેમાં નીલકંઠ ટીમ પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. તેવી જ રીતે સ્વામી વિવેકમુનિદાસજી તથા સ્વામી દર્શનપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ મેદાનમાં એકપગી દોડ, ત્રીપગી દોડ, ફૂગ્ગા બચાવો, પિપર શોધ, સંગીત ખુરશી જેવી અનેકવિધ રમતો રમીને બાળકોએ ખૂબ જ આનંદ કર્યો હતો.આ બાળ મંચ કાયમી યાદગાર બની રહે તે માટે સમૂહ તસ્વીર પણ લેવામાં આવી હતી.

સાંજે ૭:૦૦ વાગ્યે શ્રીઠાકોરજીની સંધ્યા આરતી થઈત્યારે બધા જ બાળકોએ બે હાથ જોડીને આરતી-સ્તુતિ કરી હતી. થોડીવાર કથા સાંભળીને પછી બધા જ બાળકોએ ભોજનાલયમાં ભોજન પ્રસાદ લીધો હતો.

રાત્રી કાર્યક્રમમાં મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ મેદાનમાં શ્રીજી ડીજે સાઉન્ડના સથવારે ૫૦૦થી વધારે બાળકોએ એકતાલે રાસ રમીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમાં ગામ પલાંસવાના ભરવાડના નાના નાના બાળકોએ પોતાની પરંપરાનાં વસ્ત્રો પહેરી આગવી શૈલીનો રાસ રમીને આકર્ષણ જમાવ્યું હતું.

બીજા દિવસે તા. ૧૩/૫, રવિવારના સવારે ૫:૩૦ વાગ્યે ઉઠી, નાહી, પૂજાપાઠ, આરતી, કથા, ધૂન વગેરે નિત્યવિધિ પૂરો કર્યા પછી ગુરુકુળ રીંગરોડ પર સ્વામિનારાયણ મહામંત્રની પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. ત્યારબાદ સૌ બાળકોએ પોતાના હાથે શ્રીઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. ૭:૩૦ વાગ્યે સવારનો નાસ્તો કરી સૌ બાળકો વર્ગખંડમાં આવ્યા હતા. ત્યાં સંતોએ ગળામાં કંઠી, ભાલમાં તિલક-ચાંદલો, મસ્તક પર શીખા રાખવાનો મહિમા સમજાવી સંત, અને ભગવાનનો મહિમા સમજાવ્યો હતો. જે બાળકોને કંઠી ન હતી તે બાળકોને કંઠી પણ પહેરાવવામાં આવી હતી. ત્યારબાદ બાળગુંજન કાર્યક્રમમાં બાળમંચમાં શું શું ગમ્યું ? અને શું શું શીખ્યા તે વિષે બાળકોએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા.

બપોરની માનસીપૂજા કરી મધ્યાન ભોજન પ્રસાદ લઈને સૌ બાળકો સ્વિમિંગ પૂલમાં નાહ્યા હતા. થોડીવાર વિશ્રામ કરીને પછી બપોરે ૩:૦૦ વાગ્યે સૌ પ્રાર્થનાહોલમાં ભેગા થયા ત્યારે સત્સંગ પરીક્ષામાં તથા રમત-ગમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ દરેક બાળકને આ બાળમંચની કાયમી સ્મૃતિ રહે તે માટે એક સ્મૃતિ ચિહ્ન (મોમેન્ટો) તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

અંતે સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીએ બાળકોને સત્સંગ રાખવાની ભલામણ કરીને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા. બે દિવસમાં એવી મઝા આવી કે બાળકોને ઘરે જવું ગમતું ન હતું પણ કાર્યક્રમ સંચાલકે જ્યારે ભગવાનના જયઘોષ સાથે બાળમંચને પૂર્ણ જાહેર કર્યો ત્યારે સૌ એક-બીજાને મળીને છૂટા પડ્યા હતા. સૌ બાળકો એક જ વાત કહેતા હતા કે આ બાળ મંચમાં અમને બહુ જ મઝા આવી. આ બાળ મંચ અમે ક્યારેય નહીં ભૂલી શકીએ.

આ બાળમંચના આયોજનમાં પુરાણી સ્વામી રામાનુજદાસજી, પુરાણી સ્વામી નૌત્તમમુનિદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી, પુરાણી સ્વામી

વિવેકમુનિદાસજી, પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી તથા રાપર ગુરુકુળના સંચાલક મંડળે તેમજ દરેક કર્મચારીએ ખૂબ જ મહેનત કરી હતી.

- સ્વામી વિવેકમુનિદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## રાપર ગુરુકુળ ખાતે ઉજવાયો મહિલા મંચ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળ દ્વારા તા. ૧૩/૫/૨૦૧૮; રવિવારે રાપર ગુરુકુળ ખાતે મહિલા મંચની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર વાગડ પ્રાંતમાંથી ૧૬૦૦થી વધારે બહેનોએ ભાગ લીધો હતો.

સવારે ૭:૦૦ વાગ્યાથી જ ગામડે-ગામડેથી નાની બાળાઓ, યુવતીઓ તથા મોટાં બહેનો આવવા લાગ્યાં હતાં. થોડીવારમાં તો પ્રાર્થના મંદિર માનવ મેરામણથી છલકાઈ ગયો. બરાબર ૮:૩૦ કલાકે રાપર મંદિરનાં વડીલ સાંખ્યયોગી પુંજી ફઈ તથા મહંત સાંખ્યયોગી રમીલાબાઈ આદિના વરદ્હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તો સેલારી ગામની નાની બાલિકાઓએ સ્વાગત નૃત્ય કરી પધારેલાં સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ૧૫ મિનિટ સુધી સમૂહમાં કીર્તન ભક્તિ કરવામાં આવી હતી. સાંખ્યયોગી ગીતાબાઈએ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવતાં મધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. સાંખ્યયોગી પ્રજ્ઞાબાઈએ કીર્તન ભક્તિનો મહિમા સમજાવી ભગવાન આગળ કીર્તન ગાવાનું કહ્યું હતું.

વિષયને સારી રીતે સમજી શકાય તે માટે સાંખ્યયોગી જયશ્રીબેને આદર્શનારી પતિવ્રતા આ વિષય પર પ્રેઝન્ટેશનના માધ્યમથી ખૂબ જ ઉંડાણ પૂર્વક સ્ત્રીઓના ધર્મોની સમજ આપી હતી. ત્યારબાદ જ્ઞાન સાથે ગમ્મત કાર્યક્રમ અંતર્ગત સત્સંગ પ્રશ્નોત્તરી, કોથળા દોડ, ફૂગ્ગા ફોડ, સિક્કા શોધ, સંગીત ખુરશી, ત્રિપગી દોડ, આંધળી દોડ વગેરે રમતો રમી સૌએ ખૂબ જ આનંદ માણ્યો હતો. બપોરનો સમય થતાં સાંખ્યયોગી રમીલાબાઈએ માનસીપૂજા કરાવી હતી. ત્યારબાદ ભોજનાલયમાં જઈને સૌએ ભોજનપ્રસાદ લીધો હતો.

બપોરના ૧:૩૦ થી ૩:૦૦ વાગ્યા સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અલગ-અલગ ગામની બાળાઓએ તથા યુવતીઓએ મારે તો અક્ષરધામમાં જવું છે તે ગીત પર નૃત્ય, લોભ એ પાપનો બાપ છે તે વિષે રૂપક, હર હર ભોલેનાથ પર અદ્ભૂત નૃત્ય, નગાડા સંગ ઢોલ બાજે ગીત પર નૃત્ય કરી સૌને મનને મોહી લીધાં હતાં. સભામાં બેઠેલા બહેનો આનંદમાં આવી કાર્યક્રમમાં ભાગ લેનાર બાળાઓએ તથા યુવતીઓને ભેટ આપી પ્રોત્સાહન પણ આપતાં હતાં. તેવી જ રીતે નાની બાળાઓએ મોઢે વચનામૃત, પ્રવચન, કીર્તન વગેરેનું ગાન કરી પોતામાં રહેલ કલા-કૌશલ્યનું પ્રદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કર્યાં હતાં.

સમગ્ર કચ્છ સત્સંગનાં બહેનોનાં ગુરુ ભુજ મંદિરનાં મહંત સાંખ્યયોગી સામબાઈ ફઈએ ફોન દ્વારા આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે વાગડનાં ભાગ્ય જાગ્યાં છે ત્યારે આજે આટલાં બહેનો મળીને સત્સંગ કરે છે. સુખી થવું હોય તો સત્સંગ અને ભક્તિ કરજો અને સંતાનોમાં સંસ્કાર નાખજો. રાપર મંદિરનાં મહંત સાંખ્યયોગી રમીલાબાઈએ કંઠી અને શિક્ષાપત્રી વિષે વાત કરી જેને કંઠી ન હતી તેને કંઠી પહેરાવી હતી. અને શિક્ષાપત્રી વાંચવાનું કે સાંભળવાનું નિયમ આપ્યું હતું. તેવી જ રીતે બધી જ બહેનોને માળા — ગૌમુખી અને ભગવાનની મૂર્તિ આપીને સત્સંગ રાખવાની ભલામણ કરી હતી. છલ્લે સાંસ્કૃતિક કાર્યક્રમમાં તથા રમત ગમતમાં વિજેતા બાળાઓએ તથા યુવતીઓને ઈનામ તથા પ્રમાણ પત્ર આપવામાં આવ્યાં હતાં.

મહિલા મંચ પુરો થતાં સૌ બહેનો એક-બીજાંને મળી, તડબુચનો પ્રસાદ લઈ સાંજે ૫:૦૦ વાગ્યે પોત-પોતાના ઘરે જવા રવાનાં થયાં હતાં. સૌના અંતરનો એક જ ઉદ્ગાર હતો કે આવો મહિલા મંચ દર વર્ષે થવો જોઈએ, અમને બહુ મઝા આવી અને ઘણું બધું શિખવા મળ્યું.

- આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★★★★

## સર્વમંગલ યાગ : રામપર વેકરા

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તેમજ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોનાં આશીર્વાદથી શ્રીહરિ તપોવન ગુરુકુલ, રામપર-વેકરા આયોજિત પૂર્વજોના પુણ્યના પ્રતાપે રામ-શ્યામ અને ઘનશ્યામની રજથી પાવન ધરતી પર વિશ્વના કલ્યાણ, વિકાસ, શાંતિ, સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પવિત્ર પુરુષોત્તમ માસમાં ગંગાજીની ગોદમાં સર્વમંગલ યાગ સનાતન હિન્દુ ધર્મની પૌરાણિક પરંપરાનાં ચૂસ્ત અનુસરણ સાથે ભક્તિભાવ, નિષ્ઠા અને સંપૂર્ણ શ્રધ્ધાપૂર્વક શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવાઈ રહ્યો છે. ઋષિકાળની સ્મૃતિરૂપ સંપૂર્ણ પ્રાકૃત્તિક એવમ્ પ્રાચીન પધ્ધતિથી નિર્માણ પામેલ યજ્ઞશાળાના નિર્માણપૂર્વે બ્રહ્મનિષ્ઠ સંતોના વરદ્હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૫-૨૦૧૮નો દિવસ રામપર માટે અભૂતપૂર્વ, અદ્વિતીય, અલૌકિક આનંદદાયક અવસર લઈને આવ્યો હતો. યજ્ઞકર્મને અપેક્ષિત શુધ્ધતા હેતુ યજ્ઞભૂમિનું ખનન કરી નવ ઈંચના સ્તરે ગાયનું છાણ પાથરી તેના પર જંગલના કાંપનું પૂરણ કરી ૪૮ ફૂટ ચોરસાકાર યજ્ઞભૂમિ પર સીમાચિહ્ન રૂપ મહાયાગના મંગલ પ્રારંભના એંધાણ પરમ શ્રધ્ધેય પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો, પવિત્ર ભૂદેવો અને સમર્પિત હરિભક્તોની હાજરીમાં વિજયધ્વજ લહેરાતાં જ મળી ગયા હતા. વિજયસ્તંભ માટે નીલગીરીનાં થડનો ઉપયોગ કરાયો છે. જ્યારે યજ્ઞવિધાન દ્વારા માન્ય આંબો, પીપડો, કંડો, ખાખરો, આકડો, આદિ વૃક્ષનું લાકડું જ સમિધા માટે વાપરવામાં આવે છે. ભૂદેવોએ શુધ્ધ અને સ્પષ્ટ મંત્રોચ્ચાર સાથે યજ્ઞનું શ્રી ગણેશ સ્થાપન યજમાનો પાસે કરાવ્યું અને ઋષિકાળની અનુભૂતિનો અહેસાસ કરાવ્યો.

પાવનકારી પુરુષોત્તમ માસને અનુલક્ષીને યોજાએલા આ અનમોલ અવસરે પધારેલા સંતો પૈકી સ.ગુ. પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ.ગુ.પુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજીએ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન કરતાં રામપરની અતિ પવિત્ર ભૂમિ, યજ્ઞના મહાત્મ્ય તેમજ પુરુષોત્તમ માસ વિષેની વાત કરી ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પવિત્ર માસમાં આ પવિત્ર ભૂમિ પર જે શ્રધ્ધાપૂર્વક પૂર્ણ વિશ્વાસથી ભક્તિ અને ધર્મકાર્યો કરે છે તે અવશ્ય પૂર્ણ થાય છે. અને તે કરનારનું જીવન પણ પવિત્ર બની જાય છે. સર્વમંગલ યાગનું અતિ વિશાળ આયોજન કંઈ આસાનીથી સંપન્ન નથી થતું, તે માટેની આયોજનબધ્ધ તૈયારી, યથોચિત ચીવટ ભરેલી કામગીરી અને પવિત્ર ભાવ સાથેની નિષ્કામ સેવા થકી આવા મહાકાર્યો પાર પડે છે. આ તો ધર્મક્ષેત્ર છે અને ધર્મક્ષેત્રનું કાર્ય તો કુરુક્ષેત્રનાં કાર્ય કરતાં પણ કઠિન છે. પ્રસન્ન ચિત્તે આયોજકોએ ધર્મની મોટી સેવા કરી છે તેવા ભાવ સાથે શુભભાવનાઓ સાથે કાર્ય સંપન્નતાનાં આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રધ્ધેય પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ હર્ષવિભોર થઈ આ મહાયાગના વિચારને મૂર્તિમંત કરવા માટે આયોજક સંતોએ જે જહેમત ઉઠાવીને તેમની અનુમતિ માટે અનુનય વિનય કર્યો અને સંમતિ મેળવી તેની વાત કરતાં વિશેષમાં જણાવેલું કે ઋષિકાળથી ચાલી આવતી પરંપરાને પુનઃજીવિત કરવાનો આ ભગીરથ પ્રયાસ છે. આ સર્વમંગલ યાગ અભૂતપૂર્વ છે, વીતી ગયેલા અનેક વર્ષોમાં આવો યજ્ઞ થયો નથી. પવિત્ર પુરુષોત્તમ માસમાં ગંગાજીની ગોદમાં નદી કિનારે તપોવન સમી અતિ પવિત્ર ભૂમિ પર અગાઉ ક્યારે પણ ન થયો હોય તેવો સરસ પ્રસંગ થયો છે. આવા યજ્ઞનો લાભ તો અતિ ભાગ્યશાળીને જ મળે છે. ભુજમાં મોટી કથા ચાલતી હોવા છતાં મોટી સંખ્યામાં સંતો અત્રે પધારેલા છે અને પાવન થયા છે. આ સ્થળ અતિ પાવનકારી પવિત્ર સ્થળ છે. અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે કથા કરેલી એ વાત અતિ મહત્ત્વની જબરી વાત છે. આ ભૂમિના ભાગ્યની તો વાત જ કરી શકાય નહીં. એવી ભૂમિમાં આવા યજ્ઞમાં ભાગ લેવા મળે, આહુતિઓ આપવનો અવસર પ્રાપ્ત થાય તેમજ સેવા કરવાની તક મળે એ તો બળભાગીને જ આવો લાભ મળે.

જીવનમાં આવો અવસર મળતો નથી. તેમાંય આવા પવિત્ર માસમાં જે કોઈ પુણ્ય કરે તેને અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. ભગવાને શક્તિ આપી છે તેનો સદુપયોગ કરી, દાન-સ્નાન આદિ કરી પુણ્યનું ભાથું બાંધશો અને સદાય ભગવાનને ભેળા રાખી સંપ્રદાયનાં નીતિ-નિયમોને અનુસરી શ્રીજીના લાડીલા બનવાનું પરમભાગ્ય પામો એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

સ.ગુ. પુ. સ્વામી રામસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી સરયુદાસજી, પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી મુકુંદજીવનદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, વિદ્યાર્થી સંતમંડળ ઉપરાંત મંડળના સંતોમાં સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી વિશ્વવલ્લભ દાસજી, પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ ૭૩ જેટલા સંતો, મોટી સંખ્યામાં હરિભક્તો, સાં.યો. બહેનો અને કર્મયોગી બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મહંત સ્વામી અને વડીલ સંતોનું પુષ્પમાળાથી અને અન્ય સંતો તેમજ સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.

જનમંગલ સ્તોત્રનાં ઉચ્ચારણ સાથે યજ્ઞશાળાને પાંચ પરિક્રમા કરી મહંત સ્વામી આદિ સંતો અને યજમાનોએ યજ્ઞશાળાનાં પૂર્વદ્વારેથી ઠાકોરજીને પ્રવેશ કરાવી યથોચિત્ત સ્થાને સ્થાપિત કરેલ. ત્યારબાદ ઠાકોરજીનું પૂજન કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. યજ્ઞના આચાર્યશ્રી સુરેશભાઈ જોશી (રામપર)ના સૂચન મુજબ યજ્ઞનો પ્રારંભ થયો.

તા. ૧૬-૫-૧૮ થી શરૂ થયેલ આ યજ્ઞ તા. ૧૩-૬-૧૮ સુધી અર્થાત્ આખો પુરુષોત્તમ માસ ચાલશે. કુદરતનાં સાંનિધ્યમાં ઋષિકાળની સ્મૃતિ કરાવતા આ અકલ્પનીય, અદ્ભુત અને અદ્વિતીય યજ્ઞમાં સંપૂર્ણ પવિત્રતા સાથે દરરોજ ત્રણ વાર સર્વમંગલ નામાવલિ અને પાંચવાર જનમંગલ નામાવલિની આહુતિઓ અપાય છે. આ યજ્ઞની વિશેષતા એ છે કે હજારો વર્ષોથી ચાલી આવતી પ્રાચીન પરંપરાનું વેદોક્ત વિધાનમુજબ ચૂસ્ત રીતે પાલન કરવામાં આવે છે. યજ્ઞશાળામાં પ્રવેશ કરવા માટે જનોઈ, ધોતી (રેશમી પીતાંબર), શાલ સાંસ્કૃતિક વસ્ત્રો પરિધાન કરવા અનિવાર્ય રીતે આવશ્યક છે અન્યથા યજ્ઞશાળામાં પ્રવેશ નિષેધ છે. યજ્ઞમાં બેસનાર પુરુષો શાલ-ધોતી, જનોઈ અને બહેનો સાડી પહેરીને જમીન પર બેસીને ‘સ્વામિનારાયણ’ મહામંત્રથી અભિમંત્રિત જવ-તલ અને ગાયના દેશી ઘી દ્વારા યજ્ઞમાં આહુતિઓ અર્પણ કરી રહ્યા છે. ઋષિકાળનાં યજ્ઞની અનુભૂતિ કરાવવાના વિનમ્ર પ્રયાસ રૂપે ભૂદેવો અને યજમાનો માટીનાં પાત્રોનો ઉપયોગ કરી જળપાન કરી રહ્યા છે. એક જ વાર વાપરી શકાય તેવા સમયે સોપારીનાં પાન કે કેળાનાં થડમાંથી નિર્મિત વાસણો વાપરવામાં આવે છે. યજ્ઞશાળાની દરરોજ ૧૦૮ પ્રદક્ષિણા કરવામાં આવે છે. યજમાનશ્રીઓ સાષ્ટાંગ પ્રણામ કરી યજ્ઞશાળામાં પશ્ચિમ દ્વારેથી પ્રવેશ કરે છે. હવન સામગ્રી પૂર્વ દ્વારેથી મોકલવામાં આવે છે, યજ્ઞ નિમિત્તે દાન કરવાની વસ્તુઓ દક્ષિણ દ્વારેથી લઈ જવાય છે અને પ્રતિષ્ઠા માટેની વસ્તુઓ ઉત્તર દ્વારેથી લઈ જવાય છે. આમ, વેદોક્ત નિયમોનું પૂર્ણ નિષ્ઠાથી પૂરેપૂરું પાલન થઈ રહ્યું છે.

વડીલ સંતો અને વડીલ બુઝુર્ગોના અભિપ્રાય મુજબ આવો સંપૂર્ણ શુધ્ધ અને વેદોક્ત વિધાનપૂર્વક થયેલો યજ્ઞ તેઓએ જોયો નથી કે તેઓના વડીલોએ પણ જોયાનું જણાવ્યું નથી. આ એક સીમાચિહ્નરૂપ ધાર્મિક પ્રસંગ છે. શા. સ્વામી દેવચરણદાસજીના માર્ગદર્શન મુજબ ગુરુકુળનાં સંતો, હરિભક્તો, શિક્ષણગણ આદિ સાથે મળી મહેનત સાથે સહકાર આપી રહ્યા છે. તા. ૧૬-૫-૧૮ના પ્રારંભ સમારંભનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું.

- માહિતી - શા. સ્વામી દેવચરણદાસજી

- લેખન પ્રસ્તુતી - ભરતભાઈ મહેત


**ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**



# સત્સંગ સમાચાર વિદેશ

### વાર્ષિક જનરલ સભા : વુલ્વીચ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, વુલ્વીચની તા. ૧૪-૪-૨૦૧૮, શનિવારના દિવસે વાર્ષિક જનરલ સભા મંદિરના સભામંડપમાં બોલાવવામાં આવી હતી. જેમાં સારા પ્રમાણમાં ભક્તજનો ભાઈઓ-બહેનો તથા યુવક હરિભક્તોએ હાજરી આપી હતી.

પ્રથમ ઉ.મંત્રી હરીશભાઈ હીરાણીએ કાર્યક્રમની રૂપરેખા વાંચી સંભળાવેલ. ક્રમાનુસાર પ્રથમ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું પ્રમુખ લાલજીભાઈ સામજી હાલાઈએ સન્માન સ્વાગત કરેલ.

ત્યારબાદ ઉ.મંત્રીશ્રીએ ગત સભાની મીનીટ નોંધ વાંચી સંભળાવેલ. સાથે ગત વર્ષના ઉત્સવોનો અહેવાલ વાંચી સંભળાવેલ. તેમજ મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓનો અહેવાલ સંભળાવ્યો. તેમજ ઉપરોક્ત મીનીટ નોંધ તેમજ અહેવાલોના વાંચનમાં કંઈ સુધારો ન જણાતાં સભાની સર્વાનુમતે મંજૂરી મેળવી ગત સભાની વાર્ષિક મીનીટ નોંધ પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ મંદિરના તેમજ નૂતન મંદિર બાંધકામના આવક-જાવકના હિસાબો વાંચી સંભળાવેલ. ગત વર્ષોમાં આપણું નૂતન મંદિર તૈયાર થયું તેમાં ગત કાર્યવાહી કમિટી તેમજ ટ્રસ્ટીઓ તન, મન અને ધનથી સેવા આપેલ તેમનો પ્રમુખ લાલજીભાઈએ આભાર માન્યો. અને જૂની કાર્યવાહી સમિતી દરખાસ્ત કરવામાં આવેલ.

ત્યારબાદ આગામી વર્ષ માટે મંદિરની સેવામાં નવી કાર્યવાહી સમિતીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ તે આ પ્રમાણે છે.

પ્રમુખ : લાલજી સામજી હાલાઈ - માંડવી, ઉ.પ્રમુખ : મનસુખ રવજી હીરાણી - માંડવી, મંત્રી હરીશ ધનજી હીરાણી - અંજાર, ઉ.મંત્રી હીરજી કાનજી ભુડીયા - વેકરા, સહમંત્રી નિલેશ ભીમજી પિંડોરીયા - આ.સુખપર, ખજાનચી : પરબત પ્રેમજી રૂડા - વેકરા, ઉ.ખજાનચી : ધનજી માવજી કેરાઈ - રામપર, સહખજાનચી : મેહુલ વિનોદ ભુડીયા - નારણપર, સભ્યો : લક્ષ્મણ પ્રેમજી કેરાઈ - રામપર, હીરજી કરસન શીયાણી : વેકરા, મહેશ ધનજી હીરાણી - અંજાર, રસીલ ભીખાલાલ ભંડેરી - વેકરા, હરજી દેવજી રાબડીયા - સરલી, લાઈટ વિભાગ : મેઘજી રવજી દેવરાજ, શીવજી શામજી હાલાઈ - માંડવી, લગ્ન હોલ : ધર્મેન્દ્ર કેશરા - બળદીયા, સી.સી.ટી.વી તથા આઈ.ટી. જયંતી લક્ષ્મણ કેરાઈ - રામપર, હીરજી પ્રેમજી હાલાઈ - માંડવી, ફાયર રક્ષા વિભાગ : ભરત હરીશ હીરાણી - અંજાર, મિડીયા : દિનેશ હરીશ હીરાણી : અંજાર, મંદિરના એકાઉન્ટ : રામજી ગોવિંદ વેકરીયા : રામપર, રાજેશ હરજી કેરાઈ : અંજાર, મંદિરની સફાઈ મુખ્ય : ભીમજી મેઘજી હાલાઈ : માંડવી, જશુબેન અરવિંદ ભંડેરી : વેકરા, નર્સરી વિભાગ : કાન્તીભાઈ છભાડીયા : રામપર, ભારતીબેન પરબત કેરાઈ : માંડવી, રસોડા વિભાગ : લખીબેન લાલજી હાલાઈ : માંડવી, લાલબાઈ પ્રેમજી કારા : માંડવી, નારણભાઈ મેઘજી હાલાઈ - માંડવી, હરજી દેવજી રાબડીયા : સરલી, મંજુબેન ભંડેરી : રામપર, પ્રેમીલાબેન પ્રકાશ વરસાણી : વેકરા, મંજુબેન વિનોદ ભુડીયા : નારણપર, ભારતીબેન પરબત કેરાઈ - માંડવી, પ્રેમીલાબેન માવજી પિંડોરીયા : આ.સુખપર, મધુબેન દેવશી કેરાઈ - રામપર

ટ્રસ્ટી મંડળ : ધનજી પ્રેમજી કાનજી - રામપર, માવજી દેવજી કેરાઈ - રામપર, પરબત શીવજી કેરાઈ - માંડવી, વીરજી વેલજી ભુડીયા - નારણપર, પ્રેમજી ભીમજી મનજી - દહીંસરા

આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહી સમિતીની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવેલ. પ્રમુખ લાલજીભાઈ હાલાઈએ ઉપરોક્ત નિમાયેલા કાર્યકરોનો આભાર માન્યો અને સંગઠિત રહી પ્રેમભાવથી આપણા ભક્તજનો ભાઈઓ-બહેનો, યુવક ભક્તજનોનો આભાર માન્યો. અને આપણા નૂતન મંદિરમાં તેમજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં આપ તમામ ભક્તજનોએ તન, મન, અને ધનથી સેવા આપેલ તે બદલ તેમનો પણ આભાર માન્યો. ત્યારબાદ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની જયઘોષ સાથે સભા વિસર્જન કરવામાં આવેલ.

- ઉપમંત્રી હીરજીભાઈ કાનજી ભુડીયા

# પિબેકનો પરાજય




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

નીલકંઠવર્ણી ભારતનાં તીર્થની યાત્રા કરવા નીકળ્યા છે. ફરતા ફરતા તેઓ આસામના એક ગામમાં પધાર્યા. એ ગામમાં કામાક્ષી દેવીનું મંદિર. ત્યાં એક બ્રાહ્મણ રહેતો હતો. એનું નામ પિબેક.

એણે મલિન મંત્રની વિદ્યા સિધ્ધ કરી હતી. માતાને પ્રસાદ કરી એ મદ્ય માંસ ખાતો, જંતર મંતર દોરા ધાગા કરી એ લોકોને બિવડાવતો, એનો દેખાવ પણ એવો ભયંકર હતો, ગળામાં ખોપરીની માળા, હાથમાં ત્રિશૂળ, દારૂના નશામાં ચકચૂર અને માંસ ભક્ષણથી મદમસ્ત, ભયંકર લાલ આંખો. આખું ગામ એનાથી ડરતું હતું. ગામમાં કોઇ સાધુ સંન્યાસી આવે તો એને પણ એ ડરાવતો, અને બળજબરી પોતાના શિષ્ય બનાવી મદ્ય માંસ ખાવાનું કહેતો.

નીલકંઠવર્ણીનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમને આ પ્રજાને પિબેકના ત્રાસથી મુક્ત કરાવી ભગવાનની સાચી ભક્તિ તરફ વાળવી હતી. વર્ણી કામાક્ષી દેવીનાં દર્શન કરી ગામની બહાર ફૂલવાડીમાં ઉતારો કર્યો. નીલકંઠ વર્ણી સાથે બીજા પણ કેટલાક સાધુઓ હતા. તેમના કાને પિબેકની આવી વાતો આવી, એટલે બધા પિબેકથી ફફડવા લાગ્યા, પણ વર્ણીએ એમને કહ્યું, 'બીવાની કાંઇ જ જરૂર નથી. પિબેક ગમે તેવો મોટો સિધ્ધ હશે, પણ ભગવાન એનાં કરતાં મોટા સિધ્ધ છે.'

પિબેકને ખબર પડી કે એક સોળ વરસનો બ્રહ્મચારી આવ્યો છે. તે બધાને પિબેકથી નહિ બીવાનું કહે છે. એટલે એને ચડ્યો ગુસ્સો. એ પોતાના ચેલાઓનું ટોળું લઇને ત્યાં આવ્યો. હાથમાં ત્રિશૂળ, અંગે સિંદુરનો લેપ, કપાળે મેંશનો ચાંદલો, માથે રાતું વસ્ત્ર બાંધેલું, માથે છૂટા લાંબા વાળ અને ડોકમાં હાડકાની માળા!

નીલકંઠવર્ણીની નાની ઉંમર અને સૂકલકડી કાયા જોઇને તેણે અટ્ટહાસ્ય કર્યું. જાણે આકાશમાં વીજળીનો ગડગડાટ ન થયો હોય ! સાધુ-સંતો ધ્રુજી ગયા. તેઓ ઊઠીને ચાલવાની તૈયારી કરવા લાગ્યા. નીલકંઠવર્ણીએ કહ્યું, 'તમે જરાય ડરશો નહિ. આ તુચ્છ તાંત્રિકથી ડરવા જેવું નથી.'

આ સાંભળીને પિબેકને રૂવાળે રૂવાળે ક્રોધ વ્યાપી ગયો. કોઇએ વર્ણીની બાજુમાં આવીને કહ્યું, 'વર્ણી ! આ પિબેક મંત્રવિદ્યાથી તમને બાળીને ખાખ કરી દેશે !

નીલકંઠવર્ણીએ તરત જ કહ્યું, 'ભગવાન સિવાય કોઇ શક્તિમાન નથી. ભગવાન આપણી સાથે છે. ભલે એ ગમે તેટલા પ્રયોગ અજમાવે.'

ગુસ્સાથી આકુળ વ્યાકુળ પિબેકે લાલચોળ ડોળા ફાડી કહ્યું, 'એ છોકરા, હમણાં મારો પ્રતાપ બતાવું છે, દેખ !' એમ કહી એણે એક વડના ઝાડ ઉપર મંત્રેલા અડદના દાણા નાખ્યા. તરત ઝાડનાં બધાં પાંદડાં ખરી પડ્યાં. ઝાડ એકદમ સૂકાઇ ગયું.

પિબેકે કહ્યું, 'છોકરા ! આવી રીતે ઘડીકમાં હું તને હતો ન હતો કરી નાખીશ, માટે સમજીને મારો ચેલો બની જા!'

નીલકંઠવર્ણીની સાથે જે સિદ્ધો હતા. તે આ જોઇ ગભરાયા. તેઓ ત્યાંથી ઊઠવા લાગ્યા. નીલકંઠવર્ણીએ તેમને ફરીથી રોક્યા અને કહ્યું, 'તમે કેમ બીઓ છો ? પહેલાં તેને મારા પર પ્રયોગ કરવા દો. મને કાંઇ થાય તો પછી તમે જજો.'

નીલકંઠ વર્ણીએ પીબેકને કહ્યું, 'તું ખરો સિધ્ધ હોય તો ફરીથી આ ઝાડને જેવું હતું તેવું કરી દે !'

પિબેકે કહ્યું, 'એ ના બને, મારે હાથે મૂવો તે મૂવો જ!'

વર્ણીએ હસીને કહ્યું, 'ત્યારે એમ કહેને કે તને માત્ર મારતાં આવડે છે, જીવાડતાં નથી આવડતું ! તું અધૂરો છે ! તારી પાસે એ શક્તિ નથી.

આમ કહી નીલકંઠ વર્ણીએ કમંડળમાંથી જળની અંજલી લઇ સૂકાયેલા વૃક્ષ પર છાંટી તરત એ વૃક્ષ ફરીને લીલુછમ થઇ ગયું ! જોનારા બધા આશ્ચર્ય પામી ગયા !

પણ પિબેકમાં કંઇ ફેર પડ્યો નહિ, તે બોલ્યો, 'હું હમણાંજ તને બાળીને ભસ્મ કરી દઉં છું !'

આમ કહી પિબેકે ભીષણ મંત્રોની સાથે વર્ણી પર અડદના દાણા નાખ્યા. પણ નીલકંઠવર્ણીને કાંઇ ન થયું. ક્રોધે ભરાયેલો પિબેકે ફરી ફરી પોતાની વિદ્યા અજમાવી, કાળભૈરવ અને બટુકવીરોને બોલાવ્યા. પરંતુ નીલકંઠવર્ણીને દેખતા જ તેઓ પાછા વળ્યા અને પિબેકને જ વળગ્યા, અને એને જ પીટવા લાગ્યાં, પિબેક માર ખાઇ એવો અધમૂઓ થઇ ગયો.

આ હારથી ઉગ્ર થયેલો પિબેકે હનુમાનજીની આરાધના કરી. હનુમાનજી આવ્યા. તેમણે વર્ણીને વંદન કરી અને પિબેક પાસે આવી ગદાનો મેથીપાક આપીને કહ્યું, 'અરે મૂર્ખ પિબેક ! આ નીલકંઠવર્ણી તો મારા ઇષ્ટદેવ છે. સાક્ષાત્ ભગવાન છે. તારું કલ્યાણ ઇચ્છતો હો તો તેમના શરણે જા અને માફી માંગ.'

આ સાંભળી પિબેકની સાન ઠેકાણે આવી. ભાનમાં આવ્યો.

નીલકંઠ વર્ણીને પગે પડી એમની માફી માગી પ્રાર્થના કરી. 'પ્રભુ, મને તમારે શરણે લો !'

વર્ણીએ એને સદાચારનો અને શુધ્ધ ભક્તિનો ઉપદેશ કર્યો.

પિબેકનું આખું જીવન બદલાઇ ગયું. વર્ણી એક મહિનો એ ગામમાં રહી અંધશ્રદ્ધા અને વ્યસનને દૂર કરી ભગવાનની ભક્તિનો રાહ બતાવી લોકોને સુખીયા કર્યા.

## -: જ્ઞાનમાળા:-

૧. શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી કયા હતા ?
(અ) ગઢડા (બ) મૂળી
(ક) જૂનાગઢ (ડ) ભુજ

૨. ભુજમાં નારાયણ ભગવાન કયા હાથમાં ચક્ર ધારણ કરેલું છે?
(અ) નીચેલો ડાબો (બ) ઉપરનો ડાબો
(ક) નીચેનો જમણો (ડ) ઉપરનો જમણો

૩. ચાગબાઇ કયા નગરના હતા ?
(અ) ભુજ (બ) રાપર (ક) અંજાર (ડ) કેરાગઢ

૪. ભિષ્મપિતાના પિતાનું નામ શું હતું ?
(અ) ભરત (બ) શંતનું (ક) કુરુ (ડ) વ્યાસજી

૫. ભિષ્મપિતાના ગુરુનું નામ શું હતું ?
(અ) પરશુરામ (બ) દ્રોણગુરુ (ક) વ્યાસજી (ડ) પરાસર

૬. ભારતના લોખંડી પુરુષ તરીકે કયા નેતાનું નામ જાણીતું છે ?
(અ) લાલ બહાદુર (બ) નરેન્દ્ર મોદી
(ક) ગાંધીજી (ડ) સરદાર વલ્લભભાઇ

૭. સ્વામિનારાયણ ભગવાન કંઇ સાલમાં સ્વધામ પધાર્યા હતા ?
(અ) ૧૭૮૬ (બ) ૧૮૮૬
(ક) ૧૮૮૫ (ડ) ૧૯૮૫

૮. ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી પ્રગટ થઇને મહારાજે કોને ફૂલનો હોર પહેરાવ્યો હતો ?
(અ) પ્રેમાનંદ સ્વામી (બ) મુક્તાનંદ સ્વામી
(ક) બ્રહ્માનંદ સ્વામી (ડ) દાદાખાચર

૯. મનુષ્યની વાસ્તવિક મૂડી કઇ છે ?
(અ) ધન (બ) સુસંસ્કાર (ક) પદવી (ડ) જમીન


૧૦. જો વિદ્યાર્થીઓ અભ્યાસમાં મન ન લગાવે તો શું થાય ?
(અ) સમય બગડે (બ) ધનનો વ્યય થાય
(ક) પરીક્ષામાં નપાસ થાય (ડ) અ,બ,ક,ત્રણેય

### -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

હું નિત્ય માતા-પિતાને વંદન કરીશ.
હું દરરોજ તિલક-ચાંદલો કરીશ.
હું ભગવાનને ધરાવેલું જમીશ.
હું વૃક્ષોના જતન માટે પ્રયત્ન કરીશ.
હું સદાય નરનારાયણદેવના શરણમાં રહીશ.
હું મારા માતા-પિતાને ઘરકામમાં મદદ કરીશ.
હું સાદગીવાળાં કપડાં પહેરીશ.
હું બજારુ ઠંડાપીણા નહી પીવું.
હું દેશનો આદર્શ નાગરિક બનીશ.
હું કયારે ખરાબ વિચારીશ નહી.

### -: શબ્દ રચના :-

બાળમિત્રો, આ કોયડામાં કચ્છ વિસ્તારના સત્સંગીઓના ગામના નામ મુકયા છે. તે નીચેની આડી - ઊભી ચાવી પ્રમાણે ગોઠવો.



**:: આડી ચાવી ::**

૧. રામપરની સાથે જોડાએલું ગામ - ૩
૪. શ્રીજીમહારાજની આજ્ઞાથી વસેલું ગામ - ૪
૫. ભુજની બાજુંનું ગામ - ૫
૮. વાગડ વિસ્તારનું એક ગામ - ૫
૯. ભુજના રાજાના નામથી વસેલું ગામ - ૫
૧૦. રામપર સમત્રા વચ્ચેનું ગામ - ૪
૧૩. આહિર સત્સંગીનું ગામ - ૪

**:: ઊભી ચાવી ::**

૨. રામના નામથી વસેલું ગામ - ૪
૩. જે વડુ વાડીમાં મહારાજે સભા કરી હતી તે ગામ - ૩
૪. એક દેવના નામ પરથી ગામનું નામ - ૫
૬. વાગડનું એક શહેર - ૩
૭. જે ગામમાં ૧૮ પ્રસાદીના સ્થાન છે - ૪
૧૧. અબડાસા વિસ્તારનું ગામ - ૪
૧૨. ગઢથી જોડાએલું ગામ - ૨

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૫૫૫૫/- | હર્ષદ ભીમજી વરસાણી, માનકુવા હાલે ઓસ્ટ્રેલીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૧/- | વીરબાઈ કરસન વરસાણી, બળદીયા, પુલ્હાશ્રમ તથા ચારધામની યાત્રાએ જતાં ભેટ |
| ૫૦૦/- | દિવ્ય વાલજી ભુડીયા, સુરજપર, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | દિપેશ મનજીભાઈ કેરાઈ, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | જગદીશ મનજીભાઈ કેરાઈ, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | મોહિત ભાવેશ વેકરીયા, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ, સહપરિવાર, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | દેવજી રામજી વરસાણી, માધાપર, ૭૬મી વર્ષગાંઠ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | પરેશ મુરજી હીરાણી, સુરજપર, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | નારણ ગોવિંદ પિંડોરીયા ધ.પ. વાલબાઈ નારણ, માધાપર, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જનકભાઈ એચ. સોમપુરા, ભુજ, દાંપત્ય જીવનની સુખદ સુવર્ણ જયંતી નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ઈન્દ્રવદન અરવિંદભાઈ પટેલ, લસુન્દ્રા, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ક્રિશા અરવિંદ વરસાણી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | મિતેશ મહેન્દ્ર ભુવા, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ |


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



ભુજ નિત્યદર્શનમ્ દ્વારા
હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને



+91 73592 50231
ઉપર અરજી મોકલો

આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.

## રામપર ગંગાજી મધ્યે અધિકમાસ નિમીત્તે મહિના સુધી ચાલી રહેલો સર્વમંગલ યાગનો પ્રારંભ કરાવતા પૂ. મહંત સ્વામી









## પ.ભ. કેશરા પરમેશ્વરા સાર્ધ શતાબ્દી મહોત્સવ રવાપર - કચ્છ.










## વાગડ પંથકમાં ચાલતાં શ્રી ઘનશ્યામ બાળમંડળના બાળકો માટે યોજાયો રાપર વાગડ ગુરૂકુલમાં બાલમંચ



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018

# કચ્છ બોર્ડરે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ભેડીયા બેટ હનુમાનજી મંદિરનું ખાત મુહૂર્ત













## પ્રસાદી સ્થળ મોચિરાઈ તળાવનો ભુજ મંદિર દ્વારા જીર્ણોદ્ધાર - સુખપર





